RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 97* Date: 26.01.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## થિયેટરમાં રિલીઝ પહેલાં જ ઓનલાઇન પઠાણ લીક થઇ

# મધ્યપ્રદેશ, બિહાર, યુપી સહિતનાં રાજ્યોમાં વિરોધ

નવીદિલ્હી,તા.૨૫

પઠાણ ફિલ્મ દેશભરમાં ૫ હજાર ૨૦૦ સ્ક્રીન્સ પર રિલીઝ થઈ હતી. આ દરમિયાન ઘણી જગ્યાએ પ્રદર્શનો થયા અને ઘણી જગ્યાએ ચાહકોએ ઉજવણી પણ કરી. શાહરુખ ખાનની ફિલ્મ પઠાન બુધવારે દેશભરમાં ૫ હજાર ૨૦૦ સ્ક્રીન્સ પર રિલીઝ થઈ હતી. ક્યાંક આ ફિલ્મને સમર્થન મળી રહ્યું છે તો ક્યાંક તેનો વિરોધ થઈ રહ્યો છે. મધ્યપ્રદેશના ઈન્દોરમાં હિન્દુ સંગઠનોના વિરોધને કારણે પહેલો શો રદ કરવામાં આવ્યો હતો. બિહાર અને યુપીમાં ઘણી જગ્યાએ પઠાનનાં પોસ્ટરો ફાડવામાં આવ્યાં હતાં.આ વિરોધ છતાં પહેલા શોમાં ૩૦૦ સ્ક્રીન્સ વધારવી પડી હતી, એટલે કે હવે આ ફિલ્મ દેશમાં ૫ હજાર ૫૦૦ સ્ક્રીન પર બતાવવામાં આવી રહી છે.

પઠાન તેની થિયેટર રિલીઝના એક દિવસ પહેલાં ઓનલાઈન લીક થઈ ગઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મની પાઈરેટેડ કોપી પર ઉપલબ્ધ છે. ફિલ્મ મેકર્સે ચાહકોને સિનેમાઘરોમાં ફિલ્મ જોવાની અપીલ કરી છે. એમ પણ કહ્યું કે થિયેટરોમાં ન તો ફિલ્મની વીડિયોગ્રાફી કરવી અને




ન તો તેને કોઈની સાથે શેર કરવી. પઠાનની સાથે, ૨૫ સિંગલ સ્ક્રીન સિનેમાહોલ પણ ફરી શરૂ થયા છે, જે કોવિડ દરમિયાન કોઈ કારણસર બંધ થઈ ગયા હતા. આ અંગે ખુશી વ્યક્ત કરતાં શાહરુખે સોશિયલ મીડિયા પર ટ્વિટ કરીને તે તમામ સિંગલ સ્ક્રીન માલિકોને અભિનંદન પાઠવ્યા હતા.

એસઆરકેએ લખ્યું, 'નાનપણમાં મેં બધી ફિલ્મો સિંગલ સ્ક્રીન પર જ જોઈ છે. તેની પોતાની મજા છે. હું તમને અને મને સફળતા મળે એવી દુઆ, પ્રાર્થના અને પ્રેયર કરું છું. રિ-ઓપનિંગ માટે અભિનંદન. શાહરુખના ચાહકોએ હૈદરાબાદના સિનેમાહોલની બહાર ફિલ્મની રિલીઝની ઉજવણી કરી હતી. અહીં લોકો ઢોલના તાલે ડાન્સ કરતા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર આવા ઘણા વીડિયો ફરતા થયા છે, જેમાં લોકો પઠાણની રિલિઝની ઉજવણી કરી રહ્યા છે.

ઈન્દોરમાં પઠાનના ફર્સ્ટ શો પહેલાં જ હિંદુત્વવાદી સંગઠનોએ થિયેટરોની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સિનેમાઘરોમાં પ્રથમ શો રદ કરવામાં આવ્યો છે. કાર્યકર્તાઓ થિયેટરોની અંદર ગયા અને સ્ટાફને બળજબરીથી બહાર કાઢ્યો. પઠાન ફિલ્મ ન ચલાવવા ચેતવણી આપી. જો કે કમિશનરે દાવો કર્યો હતો કે કાયદો અને વ્યવસ્થા બગડશે નહીં. થિયેટરોની બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. રતલામમમાં પણ હિન્દુવાદી સંગઠનોએ ફિલ્મનો વિરોધ કર્યો છે.

આગ્રામાં બુધવારે ફિલ્મ પઠાણની રિલીઝ પહેલાં હિન્દુ સંગઠનોએ વિરોધ કર્યો હતો. આ પછી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બાગપતમાં પણ હંગામો થયો હતો અને પોસ્ટરો સળગાવવામાં આવ્યાં હતાં. થિયેટરના માલિકોએ સુરક્ષાની માંગ કરી હતી. આ પછી હોલની બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ફિલ્મના ૮૦%થી વધુ શો મેરઠ અને કાનપુરમાં બુક થયા છે. મેરઠમાં ચાહકોએ કેક કાપીને ફિલ્મની ઉજવણી કરી હતી.

ભાગલપુરમાં પઠાન ફિલ્મનાં પોસ્ટરો સળગાવવામાં આવ્યાં હતાં. હિંદુ સંગઠનો આ રિલીઝનો વિરોધ કરી રહ્યા છે. બુધવારે સવારે, કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા - ફિલ્મ ચાલશે તો થિયેટર સળગશે. કાર્યકર્તાઓએ કહ્યું કે ફિલ્મમાં સનાતન ધર્મ વિરુદ્ધનાં દૃશ્યો છે. સનાતન ધર્મનું અધઃપતન થયું છે. જોકે, પોલીસ-પ્રશાસને કહ્યું કે ફિલ્મ રિલીઝ થશે અને સુરક્ષા પૂરી પાડવામાં આવશે.

## હવે પિથૌરાગઢના રોતો ગામમાં જમીન ધસી રહી છે.ખતરાના વાદળો છવાયા

પિથૌરાગઢ,તા.૨૫

હાલના દિવસોમાં જોશીમઠ મોટી મોટી તિરાડો આવવાને કારણે ચર્ચામાં બનેલ છે.પરંતુ ફકત જોશીમઠ જ ખતરાની જદમાં નથી પ્રદેશના અનેક ગામ જમીન ધસી પડવાની અને મોટી મોટી તિરાડો પડી રહી છે.ઉત્તરાખંડમાં ફકત જોશીમઠ જ નહીં પરંતુ સેંકડો એવી જગ્યા છે જયાં મોટી મોટી તિરાડો જોવા મળી રહી છે આથી લોકોના જીવન અને તેમના ધર મકાન સહિત સમગ્ર ગામ ખતરાની જદમાં છે.

હકીકતમાં પિથૌરાગઢનું એક ગામ એવું છે જયાં તિરાડનો દંશ સહન કરી રહ્યો છે.એક એવું ગામ તંતાગાંવ છે જેમાં ગત ૧૦ વર્ષથી તિરાડ પડી રહી છે પરંતુ આમ છતાં શાસન પ્રશાસને ન તો તે બાબતે ધ્યાન આપ્યું અને ન તો કોઇ કાર્યવાહી કરી.અહીં ૨૦૧૩થી સતત જમીન ધસી રપહી છે જોશીમઠની સ્થિતિ જોઇએ છ હજાર ફીટથી વધુ ઉંચાઇ પર વસેલા આ ગામના ગ્રામીણ હવે ભયમાં આવી ગયા છે.

અહીં ૨૦૧૩થી સતત જમીન ધસી રહી છે જમીન અને મકાનોમાં પ્રતિવર્ષ તિરાડો મોટી થતી નજરે પડી રહી છે.સરકારે અહીં કોઇ ભૂગર્ભીય સર્વેક્ષણ તો કરાવ્યું પરંતુ મરામત કરાવી નહીં તંતાગાંવ રોતોં ગામમાં ૨૦૧૩માં ભૂગર્ભીય હલચલે ચેતવણી આપી હતી. એ યાદ રહે કે આ ગામના ઉપરી ભાગમાં સુકલ્યા જળસ્ત્રોતનું પાણી ગામની ભૂમિ અને મકાનોની વચ્ચે વહી રહ્યાં છે જેથી જમીન ધસી પડવાની અને મકાનોમાં તિરાડ થવા લાગી છે.

વર્ષ ૨૦૧૯માં ભૂગર્ભ અધિકારીએ સ્થળનું નિરીક્ષણ કર્યું અને ખતરો બતાવ્યો ગ્રામીણ સતત માંગ કરી રહ્યાં છે પરંતુ પ્રશાસને ચુપકીદી સેવી છે.ખુબ વિરોધ બાદ સુકલ્યા સ્ત્રોતના પાણીની સમુચિત એકમ માટે ૨૦૨૦માં ૩૫.૪૪ લાખ રૂપિયાનું ઇસ્ટીમેટ તૈયાર કરવામાં આવ્યું પરંતુ આજ સુધી તેના પર કોઇ કાર્યવાહી થઇ નહીં આ પ્રસ્તાવને વિભાગીય સ્વીકૃતિ પણ મળી નથી

ગ્રામીણનું કહેવુ છે કે તંતાગાંવ રોતો પણ જોશીમઠ જેવા બની ચુકયું છે પરંતુ વ્યવસ્થા તરફથી કોઇ કાર્યવાહી કરી નથી ગ્રામીણોનું કહેવુ છે કે અહીં ગામ નષ્ટ થઇ ગયું અને જમીનદોસ્ત થઇ જાય તે કહી શકાય નહીં

## લધુમતિઓને લલચાવવા માટે ભાજપની ખાસ તૈયારી,

### રાયપુરમાં ભાજપ લધુમતિ મોરચાની કાર્યકારીણીની બેઠક

રાયપુર,તા.૨૫

લોકસભા ચુંટણી ૨૦૨૪ માટે ભાજપે પોતાની તૈયારી શરૂ કરી દીધુ છે.પાર્ટી ૨૪માં ભારે બહુમતિથી રેકોર્ડ ત્રીજીવારક સરકાર બનાવવા ઇચ્છે છે.પાર્ટીને ખબર છે કે આ સપનાને પુરૂ કરવા માટે લધુમતિ બેઠકો પર વિજય રહેવું ખુબ જરૂરી છે.પાર્ટી આ બેઠકો પર વિરોધ પક્ષોથી પાછળ રહી છે પરંતુ ઉત્તરપ્રદેશના રામપુર લોકસભા અને વિધાનસભા બેઠકો પર જીતીને પાર્ટીને નવો ઉત્સાહ આપ્યો છે ત્યારબાદ હવે ભાજપ નવી રણનીતિની સાથે તૈયાર થઇ રહી છે.ભાજપ સંગઠને લોકસભાની ૬૦ લધુમતિ બહુમતિવાળી બેઠકોની ઓળખ કરી સંપર્ક અભિયાનનો પ્લાન બનાવ્યો છે.આ પ્લાન હેઠળ ૧૦ ફેબ્રુઆરીથી પાર્ટીનું લધુમતિ મોરચાનું અભિયાન શરૂ કરશે પાર્ટી દરેક લોકસભામાં ૫૦૦૦ એવા મુસ્લિમોની ઓળખ કરી સંપર્ક કરવામાં આવશે જે બિનરાજનીતિક હોય આ કોઇ નોકરી કરનારા,વેપારી અને સુફી સંત હોઇ શકે છે.તેમની સાથે મોદી સરકારની ગરીબ કલ્યાણ નીતિઓ કાર્યક્રમો પર ચર્ચા કરવામાં આવશે ત્યારબાદ આ લોકોને લઇ સ્કુટર યાત્રામાં અન્ય લોકોથી સંપર્ક કરવામાં આવશે.દિલ્હીમાં પણ મુસલમાનોની એક પત્રકાર પરિષદ પણ કરવામાં આવશે આ પરિષદમાં નરેન્દ્ર મોદીને બોલાવવાની યોજના છે.આ સાથે જ એક અને બે ફેબ્રુઆરીએ રાયપુરમાં ભાજપ લધુમતિ મોરચાની કાર્યકારીણીની બેઠક બોલાવવામાં આવી છે.

## મહારાષ્ટ્રમાં સમય પહેલા થઇ શકે છે ચૂંટણીઃ સુપ્રિયા સુલે

મુંબઇ,તા.૨૫

વરિષ્ઠ એનસીપી નેતા સાંસદ સુપ્રિયા સુલેએ મહારાષ્ટ્રમાં સમય પહેલા વિધાનસભા ચૂટણી સંકેત આપ્યા છે .

સુપ્રિયા સુલેએ કહ્યુ કે, મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ ના લોકસભા ચૂંટણી પહેલા થવાના સંકેત છે. તેનું મોટુ કારણ એ છે કે, વર્તમાન સરકારમાં વિશ્વાસની કમી છે. સિપ્રિયા સુલેએ કહ્યુ કે, પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી લોકસભા ચૂટણી પહેલા પણ થઇ શકે છે. કઇ પણ શક્ય છે. જે ચાલી રહ્યુ છે તેમા કઇ જોઇ નથી શકાતુ. હુ તેમા વધારે અસંતોષ જોઇ રહી છુ.

સુપ્રિયા સુલેએ કહ્યુ કે, એક સમાનાંતર સંગઠ કામ કરી રહી છે જે નિર્ણય લઇ રહ્યુ છે., ટ્રાસફર કરી રહ્યા છે .મે પ્રેસમાં સાંભળ્યુ છે કે, સેક્રેટરી પોતાની ટ્રાન્સફર માટે જઇ રહ્યા છે .છ વિભાગોને એક આદમી ચલાવી રહ્યો છે.

એક વ્યક્તિ પાસે તમામ પાવર આવી ગઇ છે. આ લોકોમાં ચિંતા અને ભરોસાની કમી જોવા મળી રહી છે. મહાવિકાસ ચૂંટણી લડશે તેના પર સેલે કહ્યુ કે, ચૂટણી થશે તો મહાગઠબંધન સારુ કરી શકે છે.

એનસીપી સાંસદે કહ્યુ કે, આ લગ્ન સ્તાની લાલચમાં થઇ હતી. તસવીર સારી આવવાનો અર્થ એ નથી કે, હાલાત સારી છે. જયારે લોકો વધારે હસે છે તો ચિંતા વધારે હોય છે.

આપણે આમ લોકના મુદ્દાને આગળ લાવવાની જરૂર છે. રોજગાર, મોઘવારી, અર્થવ્યવસ્થા જેવા મુદ્દા પર ચર્ચા કરવી જોઇએ, લવ જેહાદ જેવા અને હિન્દુત્વ જેવા મુદ્દાથી કઇ નહી થાય.

આપણે આ લોકોના પ્રોપેગેડાનો જવાબ આપવો જોઇએ. જો વિપક્ષ એકજુટ થાય છે તો ભાજપા માટે ઘણી મુશ્કેલી બની શકે છે.

દેવેન્દ્ર ફડણવીસ સામ-દામ-દંડ-ભેદથઇ ચૂટણી લડવામાં ભરોષો રાખે છે. મને સમજ નથી આવતી કે, પાછલા ૬ મહિનામાં કોઇ ફેરબદલ કેમ નથી થઇ. ભાજપ વિપક્ષ પર કરે છે. પીએમ મોદી પરિવારવાદ પર વાત કરે છે. હુ આશ્ચર્યચકિત હતી કે, તેમણે મુંબઇમાં આ મુદ્દો કેમ ના ઉઠાવ્યો.

### યુપીમાં ભાજપનું મિશન ૮૦માંથી ૮૦

## અખિલેશ યાદવનું પાસુ યોગ્ય પડી જાય તો ભાજપનો લક્ષ્યાંક ૮૦ નિષ્ફળ થઇ શકે છે

લખનૌ,તા.૨૫

આગામી વર્ષે યોજાનાર લોકસભા ચુંટણીની ઉલટી ગણતરી શરૂ થતાં જ ઉત્તરપ્રદેશના મુખ્ય રાજકીય ખેલાડી ચુંટણી પરિણામોને લઇ દાવો અને પ્રતિદાવા કરવા લાગ્યા છે.ઉતરપ્રદેશ ભાજપ પ્રમુખ ભુપેન્દ્ર ચૌધરીએ કહ્યું કે ૨૦૨૪ માટે તેમનું લક્ષ્ય રાજયની તમામ ૮૦ બેઠકો જીતવાનું રહેશે.તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરીથી વડાપ્રધાનના રૂપમાં ચુંટવા અને તેના માટે માટે હું મારા કેડરથી એ સુનિશ્ચિત કરવાનું આહ્વાન કરૂ છું કે ભાજપ ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં યુપીથી તમામ ૮૦ લોકસભા બેઠકો પર જીત હાંસલ કરે

દરમિયાન સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે એક મોટો દાવો કર્યો છે જો તે સાચો થયો તો ભાજપનું લક્ષ્યાંક ૮૦ નિષ્ફળ થઇ શકે છે.અખિલેશે જણાવ્યું હતું કે આજે ગરીબ હોય કે કોઇ પણ ન્યાયને ન્યાયની આશા નથી ભાજપ ખાનગીકરણના માર્ગ પર ચાલી રહી છે આજે ભાજપ તે કાનુનોને બનાવી રહી છે જેથી સરકાર ખાનગી હાથોમાં ચાલી જાય આ સમસ્યાઓને સમાજવાદી વિચારધારા જ ખત્મ કરી શકે છે.તેમણે દાવો કરતા કહ્યું કે ભાજપ આ વખતે એક પણ બેઠક જીતશે નહીં.પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં ભાજપ ઉત્તરપ્રદેશની તમામ ૮૦ સંસદીય બેઠકો પર હારનો સ્વાદ ચાખી શકે છે યાદવે કહ્યું કે જે પાર્ટીએ આગામી ૫૦ વર્ષ સુધી શાસન કરવાનો દાવો કર્યો છે તે હવે પોતાના દિવસો ગણી રહી છે તેમના રાષ્ટ્રીય અધ્યક્ષે રાજયની બે મેડિકલ કોલેજોનો પ્રવાસ કરવો જોઇએ ત્યારે તે સમજી શકશે કે તે કેટલીક બેઠકો જીતી રહ્યાં છે પોતાની વાખને રેખાંકિત કરવા માટે અખિલેશે મૈનપુરી લોકસભા અને મુઝફફરનગરમાં ખતૌલી વિધાનસભા પેટાચુંટણીમાં ભાજપની તાજેતરની હાલનો ઉલ્લેખ કર્યો હતો.

એ યાદ રહે કે ભાજપે ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં યુપીથી ૭૦ બેઠકો જીતી હતી અને ૨૦૧૯માં સપા બસપાનું ગઠબંધન હોવા છતાં ૬૪ બેઠકોની સાથે વિરોધ પક્ષના સુપડા સાફ કરી દીધા હતાં. ૨૦૧૯માં ૧૬ બેઠકો એવી હતી જેને ભાજપ રાજયમાં જીતવામાં નિષ્ફળ રહી તેમાંથી ભાજપે જુનમાં થયેલ લોકસભા પેટાચુંટણીમાં બેમાં જીત હાંસલ કરી બાકીની ૧૪ લોકસભા બેઠકો હવે પાર્ટીના રડાર પર છે.ભુપેન્દ્ર ચૌધરીએ કહ્યું કે આપણે સખ્ત મહેનત કરવી પડશે અને આપણા કેડર સુનિશ્ચિત કરશે કે આપણે આ વખતે પણ ૮૦ બેઠકો પર જીત હાંસલ કરીએ.

## કિરીટ સોમૈયા પર સંજય રાઉતે પ્રહારો કર્યા,પોપટલાલને કાનુની નોટિસ મોકલવામાં આવશે

મુંબઇ,તા.૨૫

શિવસેના ઉદ્ધવ ઠાકરે જુથના નેતા અને સાંસદ સંજય રાઉતે ભાજપ નેતા કિરીટ સોમૈયા પર નિશાન સાધતાં તેમને તાકિદે જ નોટીસ મોકલવાની વાત કહી છે.રાઉતે ટ્વીટ કરતા તેમનો પોપટલાલ પણ કહ્યાં છે.તેમણે કહ્યું કે ભાજપ નેતા કિરીટ સોમૈયા ઉર્ફે પોપટલાલ મારા પર બેબુનિયાદ આરોપ લગાવી રહ્યાં છે.સંજય રાઉતે ટ્વીટ કર્યું કે ભાજપના કિરીટ સોમૈયા ઉર્ફે પોપટલાલ મારા પર બેબુનિયાદ આરોપ લગાવી રહ્યાં છે અને શિવસેના નેતાઓ પર કીચડ ઉછાળી રહ્યાં છે.મેં કાનુની કાર્યવાહી શરૂ કરી દીધી છે અને મિસ્ટર પોપટલાલને તાકિદે કાનુની નોટીસ મોકલવામાં આવશે સચ્ચાઇની તાકિદે જીત થશે જે સામે આવશે જય મહારાષ્ટ્ર.હકીકતમાં કિરીટ સોમૈયાની પત્ની મેધા સોમૈયાએ સંજય રાઉત ઉપર ૧૦૦ કરોડનો માનહાનિનો દાવો કર્યો હતો જેના પર મુંબઇની શિવડી કોર્ટ સુનાવણી કરી રહી છે.




### ૧૦ ટકા અનામતવાળા અંગ્રેજોના દલાલ હતાં

## મંદિરમાં ઘંટડી વગાડનારા આજે સત્તાની ખુરશી પર બેઠા છે :બિહારના મંત્રી આલોક મહેતા

પટણા,તા.૨૫

બિહાર સરકારમાં જમીન સુધાર મંત્રી અને મહેસુલ મંત્રી આલોક મહેતા અનામતને સુવર્ણને લઇ વિવાદિત નિવેદન આપ્યું છે. ભાગલપુરમાં એક જાહેરસભા દરમિયાન આલોક મહેતાએ કહ્યુ કે દેશમાં ૧૦ ટકા અમાનતવાળા લોકો અંગ્રેજોના દલાલ છે. તેમને અંગ્રેજોએ જતી વખતે સેંકડો જમીન આપી જમીનદાર બનાવી દીધા જયારે મહેનત મજુરી કરનારા આજ સુધી ભૂમિહીન છે.તેમણે સમાજમાં કોઇ સમ્માન મળી રહ્યુ નથી જે આ લોકોની વિરૂધ્ધ અવાજ ઉઠાવતા હતાં તેમની જુબાન બંધ કરી દેવામાં આવતી હતી.આલોક મહેતા અહીં જ અટકયા નહીં તેમણે આરોપ લગાવ્યો કે અમારા મનમાં રાજનીતિ પ્રત્યે નફરત ભરવામાં આવે છે.જયારે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર ટીપ્પણી કરતા કહ્યું કે જે લોકોને મંદિરમાં ઘંટડી વગાડવી જોઇએ તે સત્તાની ખુરશી પર બેઠા છે.આલોક મહેતાએ ભાગલપુરમાં ગોરાડીહ તાલુકાના સાલપુર પંચાયત હેઠળ કાશીલ હટિયા મેદાનમાં એક જાહેરસભાને સંબોધિત કરી રહ્યાં હતાં પોતાના સંબોધનમાં તેમણે કહ્યુ કે જગદેશ બાબુએ દલિત શોષિત પછાત અને વંચિતોના ઉત્થાનની લડાઇ લડી જેમની ભાગીદારી ૯૦ ટકા છે.તેમણે સમાજમાં કોઇ સમ્માન મળી રહ્યુ નથી આજે ૧૦ ટકા અનામત વાળા છે તેમને અંગ્રેજોએ જતા સમયે સેંકડો જમીન આપી જમીનદાર બનાવી દીધા જયારે મહેનત મજદુરી કરનારા આજ સુધી ભૂમિહીન બનેલ છે.મંત્રીએ આગળ કહ્યુ કે જેમને આજે ૧૦ ટકા અનામતમાં ગણવામાં આવે છે તે પહેલા મંદિરમાં ઘંટડી વગાડતા હતાં અને અંગ્રેજોના દલાલ હતાં મંદિરમાં ઘંટડી વગાડનારા લોકો સત્તાની ખુરશી સંભાળી રહ્યાં છે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને જોઇ લો અને તમને કહી રહ્યાં છે કે મંદિરમાં જઇ ઘંટડી વગાડો,શું ફકત ઘંટડી વગાડવા માટે આપણે લોકો પેદા થયા છીએ.આપણને હક અને હુકુમ જોઇએ કે નહીં મંત્રી આલોક મહેતાનો ઇશારો મુખ્યમંત્રી યોગી અને આર્થિક આધાર પર મળી રહેલ અનામત(ઇડબ્લ્યુએસ)માં સામેલ લોકો માટે હતો બાદમાં તેમણે જાહેરમાં ઇડબ્લ્યુએસ અનામતની વિરૂધ્ધ પણ ટીપ્પણી કરી તેમણે કહ્યું કે ૧૦ ટકા અનામત દલિત અને શોષિત વર્ગ માટે યોગ્ય નથી આવનારા સમયમાં આ અનામત પર ખતરો છે.દરમિયાન આલોક મહેતાના વિવાદિત નિવેદન પર ભાજપે પણ પલટવારો કર્યો છે.ભાજપ નેતા સંજય જયસવાલે કહ્યું કે આલોક મહેતા આવા નિવેદન આપી બિહારને બદનામ કરવાનું કામ કરી રહ્યાં છે .

## તંત્રી સ્થાનેથી...

# પરમવીરોનું સન્માન

*કેન્દ્ર સરકાર દ્વારા ગુલામીનાં પ્રતીકોને ભૂંસવાનો ક્રમ સતત ચાલુ છે અને આ જ ક્રમમાં આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના ૨૧ દ્વીપોનું નામ પરમવીર ચક્ર વિજેતાઓના નામ પર રાખવામાં આવ્યું, જે રોમહર્ષક બાબત છે. સુભાષચંદ્ર બોઝની જયંતી પરાક્રમ દિવસે વડાપ્રધાન મોદીએ આ જાહેરાત કરી. તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વીપ પર બનનારા નેતાજીને સમર્પિત રાષ્ટ્રીય સ્મારકના મોડલનું પણ અનાવરણ કર્યું, આ દ્વીપ પહેલાં રોસ દ્વીપસમૂહના નામે ઓળખાતો હતો. પરમવીર ચક્ર વિજેતાઓને એક સાથે એક સ્થાન મળવું પ્રશંસનીય છે. દેશના વિરલ વીર જવાનોની સ્મૃતિઓ દેશની માટીમાં વિખેરાયેલી છે. હવે તેમનું સ્મારક એક સ્થળે હોવાથી તેમને યાદ કરવા કે તેમનું નામ લેવામાં પણ સુવિધા રહેશે. દેશના એવા પરમવીરો માટે સુભાષચંદ્ર બોઝ જેવા મહાનાયક કમાન્ડર ક્યાં મળશે? પરમવીર ચક્ર વિજેતા અને નેતાજી સુભાષચંદ્ર બોઝ, બંને એકબીજાના સન્માનમાં ચાર ચાંદ લગાવશે. આંદામાન અને નિકોબારમાં એક એવું પ્રેરક વીર ક્ષેત્ર બની રહ્યું છે, જે આખા દેશનું ધ્યાન પોતાના તરફ ખેંચશે અને આ કેન્દ્રશાસિત પ્રદેશ સાથે બાકી દેશને વધારે મજબૂતીથી જોડશે.*

*ખરેખર સરકારનું આ પગલું આપણા નાયકો પ્રત્યે એક ચિરસ્થાયી શ્રદ્ધાંજલિ હશે, જેમાંથી કેટલાયે દેશની સંપ્રભુતા અને અખંડતાની રક્ષા માટે મોરચા પર જ સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. નેતાજીને સમર્પિત રાષ્ટ્રીય સ્મારકમાં એક સંગ્રહાલય, કેબલ કાર રોપવે, લેસર એન્ડ સાઉન્ડ શો, વિરાસત માર્ગ અને એક લાઉન્જ ઉપરાંત બાળકો માટે થીમ આધારિત મનોરંજન પાર્ક પણ હશે. મતલબ સ્મારક પ્રત્યે આકર્ષણ વધારવાના ઉપાયો કે સાધનો તેને નીરસ બનતાં બચાવશે. હંમેશાં જોવા મળ્યુ છે કે ભૌતિકતાની દોડાદોડમાં આવાં સ્મારક આકર્ષણના અભાવે ઉપેક્ષિત થઈ જાય છે. તેથી બદલાતા સમય સાથે સ્મારકો પ્રત્યે લોકોનો લગાવ જળવાઈ રહે તેવી વ્યવસ્થા પણ જરૂરી છે. દેશ માટે કુરબાન થનાર હસ્તીઓની યાદો સાચવવાની સાથે સાથે ગુલામીનાં પ્રતીકોને ભૂંસતા જવાની નીતિ ખૂબ જરૂરી છે. આપણી સરકારોએ એ વિચારવું જોઈએ કે એવી કોઈ પ્રેરક હસ્તી સ્થાનિક સ્તર પર ઉપેક્ષિત ન રહે. દુઃખદ છે કે કોંગ્રેસના લાંબા શાસનકાળમાં કેટલીય એવી હસ્તીઓ ઉપેક્ષિત જ રહી જવા પામી. દેશ માટે બલિદાન આપનાર હસ્તીઓને યથોચિત સન્માન આપવાથી દેશની જનતા તેમના કર્મ, ભાવ અને કર્તવ્યથી પ્રેરિત થતી રહેશે. જોકે માત્ર સ્મારકો ઊભાં કરી દેવાથી કશું નહીં વળે, સ્મારકોને શિક્ષણ અને શોધ કેન્દ્રો સાથે જોડવાં પણ પડશે. જેવી રીતે સુભાષચંદ્ર બોઝ સાથે ૨૧ પરમવીર ચક્ર વિજેતાઓને યાદ કરવામાં આવ્યા એવી જ રીતે દરેક ક્ષેત્રના સમર્પિત મહાનાયકોનાં સ્મારકોને સાચવવાના ઉપક્રમ દેશમાં ઠેરઠેર કરવા જોઈએ. આંદામાન અને નિકોબારમાં વીરોની યાદોને સાચવવાની આ પદ્ઘતિ પ્રશંસનીય જ નહીં, અનુકરણીય પણ છે.*

## 'જો તિરંગો ફરકાવ્યો તો આરપીજી વડે ફૂંકી દઈશું'- પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને ધમકી મળી

ચંડીગઢ,તા.૨૫

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને મારી નાંખવાની ધમકી આપી છે. આતંકવાદી પન્નુએ ધમકી આપી છે કે, જો પંજાબના CM ભગવંત માન ગણતંત્ર દિવસ પર તિરંગો ફરકાવશે તો તેમના પર હુમલો કરવામાં આવશે. વાસ્તવમાં પંજાબના ઝસ ભગવંત માન ૨૬ જાન્યુઆરીએ ભટિંડાના સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં તિરંગો ફરકાવવાના છે. બીજી તરફ ધમકી મળ્યા બાદ મુખ્યમંત્રી માનની સુરક્ષા વધારી દેવામાં આવી છે.આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ ખાલિસ્તાન તરફી અલગતાવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસનો સ્વયં ઘોષિત નેતા છે. વિદેશમાં બેસીને પન્નુ આતંકવાદી ષડયંત્ર રચવાનું અને પંજાબ અને હરિયાણામાં અશાંતિ પેદા કરવાનું કામ કરે છે. પટિયાલામાં ખાલિસ્તાન વિરોધી માર્ચ પર ખાલિસ્તાન સમર્થકોના હુમલા અને હિંસક અથડામણમાં પણ પન્નુનો હાથ રહ્યો છે.ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ મુખ્યમંત્રી માનને ધમકી આપતો વીડિયો જાહેર કર્યો છે. આટલું જ નહીં, ભટિંડામાં મુખ્યમંત્રી માન જ્યાં તિરંગો ફરકાવવા જઈ રહ્યા છે, તે મેદાનની દિવાલો પર ખાલિસ્તાનના પક્ષમાં નારા લખવામાં આવ્યા છે. આ સિવાય સીઆઈએસએફ કેમ્પસ ભટિંડા, દ્રહ્લન ભટિંડા અને રણજીત સિંહ ટેકનિકલ યુનિવર્સિટીની બહાર પણ ખાલિસ્તાન ઝિંદાબાદના નારા લખવામાં આવ્યા છે.

પન્નુએ ધમકી આપી છે કે, 'જો ઝસ માન ૨૬ જાન્યુઆરીએ ત્રિરંગો ફરકાવશે તો તેમના પર આરપીજી હુમલો કરવામાં આવશે. જેઓ સૂત્રો લખે છે તેઓ એ પણ જાણે છે કે આરપીજીનો ઉપયોગ કેવી રીતે કરવો. એટલે તમારા માટે સારું એ છે કે, તમે તિરંગો ફરકાવવા ન આવો.'

આતંકવાદી પન્નુએ પોતાના વીડિયોમાં કેન્દ્ર અને પંજાબ સરકારમાં હિંદુઓને વચ્ચે આવવાની ના પડી છે. આતંકવાદીનું કહેવું છે કે, હિંદુઓએ પણ ૨૬ જાન્યુઆરીના કાર્યક્રમમાં આવવાથી બચવું જોઈએ. આ હુમલો તેમના પર પણ થઈ શકે છે. ભારતનો વોન્ટેડ આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ અમેરિકામાં છુપાયેલો છે. પન્નુને ખાલિસ્તાન તરફી સંગઠન 'શિખ્સ ફોર જસ્ટિસ'ના નેતા હોવાનું કહેવાય છે. સૂત્રોનું માનીએ તો, ગુરપતવંત સિંહ પન્નુ પર પાકિસ્તાનની કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈનો હાથ છે.

વસંત પંચમીની સવારે
મલમલના તાકા જેવી મુલાયમ છોકરી,
રૂપાની ઘંટડી જેવા અવાજે કંઈક કહ્યું,
વાતમાં મોણ નાંખ્યા વગર વાત કહું.
આજુબાજુ જોયો વગર તડાક દઈને કહ્યું,
ફટાક દઈને મને ગુડ મોર્નિંગ વિશ કર્યું,
વાતમાં મોણ નાંખ્યા વગર વાત કહું,
ને સામી છાતીએ ગુડ મોર્નિંગ વિશ કર્યું
પછી શું થયું તેમ એકી શ્વાસે તમે પૂછ્યું,
વાતમાં મોણ નાંખ્યા વગર વાત કહું.
પાણીની જેમ સડસડાટ કરતી વહી,
તર્કની તલવાર મૌનના મ્યાને મ્યાન કરો,
વાતમાં મોણ નાંખ્યા વગર વાત કહું.
ભરત વૈષ્ણવ
૨૫.૨.૨૦૨૧.# કવિતા

# આકાશની વીજળીનો રસ્તો લેંઝરથી બદલીને રાજુ રદી કોના પર છોડવા માંગે છે???

" ગિરધરભાઇ. આપણે સ્વિત્ઝરલેન્ડ જવાનું છે" રાજુ રદી સ્વિત્ઝરલેન્ડ જવું એ અમદાવાદ કે વડોદરા જવા જેટલું ઈઝી ગોઇંગ હોય તેમ સ્વિત્ઝરલેન્ડ જવાનું આહ્વાન કર્યું.

" રાજુ તમારી નાતવાળા સ્વિત્ઝકલેન્ડમા પણ રહે છે?છોકરી જોવા માટે તો તારા ઘરના લોકોએ જવાનું હોય. બેગાને કી શાદીમેં અબ્દુલા દિવાના જેમ આપણે આપણે કયાં કરે છે??" મેં રાજુને ચૂંટીયો ખણ્યો.

" ગિરધરભાઇ તમે પેલો દુહો સાંભળ્યો હશે." વા ફરે, વાદળ ફરે, ફરે નદીના નીર, શૂરા બોલ્યા ના ફરે ભલે પશ્ચિમ ઉગે સૂર. સૂરજ તેની દિશા બદલતો નથી તેમ એકટંકી બોલ બદલવાની નૌટંકી કરતા નથી!!" રાજુએ મને વૈશ્વિક સત્ય દર્શન કરાવ્યુ.

" રાજુ. ચોમાસા અગર ચોમાસા સિવાય આકાશમાં કેટલી વીજળી થાય છે. વીજળી કોઇ રોકટોક વિના તેનો કાળો ખૌફ દેખાડે છે. દટન સો પટન અને માયા સે મિટ્ટીની જેમ પલક ઝપકતાં જ રાખ કે કોલસામાં ફેરવી દે છે!!" મેં કહ્યું

" ગિરધરભાઇ આપણે ત્યાં ગંગાસતી પાનબાઇ નામના મહિલા ભજનિક થઇ ગયેલા. તેનું એક પ્રખ્યાત ભજન છે. " વીજળીના ઝબકારે મોતીડા પરોવો રે પાનબાઇ અચાનક અંધારા થાય" તેનો બહુ જ આધ્યાત્મિક મર્મ છે. કાસમ તારી વીજળી વેરણ થઇ એ પણ કરૂણતમ ગાન છે. સાઉથના હીરો રજનીકાંત વિશે અતિશયોકિતપૂર્ણ વિધાન કરવામાં આવે છે. રજનીસરને ઘરે લાઇટ ન હતી તો આકાશી વીજળીના પ્રકાશે વાંચતા હતા!!" રાજુએ વીજળી વિશે યુનિક વાત કરી.

" રાજુ . હકીકતમાં આકાશમાં ઉડતા ઓપોઝીટ એનર્જીના વાદળો વિપરીત દિશામાં જતા એકબીજા સાથે અથડાય છે અને તેમના ઘર્ષણના કારણે પેદા થતી વીજળી ધરતી પર પડે છે. આકાશમાં કોઇ પણ પ્રકારનું કંડક્ટર ન હોવાથી વીજળી પૃથ્વી પર કંડક્ટરની શોધમાં પહોંચે છે. જેના કારણે જે-તે વિસ્તારમાં નુકશાન થાય છે. ચોમાસા દરમિયાન આકાશમાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે જોવા મળતી વીજળી સેકન્ડોમાં આપણી આંખ સામે ફ્લેશની જેમ ચમકીને ગાયબ થઇ જાય છે. આ દરમિયાન ઘણી જગ્યાઓ પર વીજળી પડવાની ઘટનાઓ પણ સામે આવે છે. ત્યારે આપણામાંથી મોટા ભાગના લોકોમાં આ સવાલ થતો હશે કે આકાશમાં ચમકારા કરતી વીજળી આખરે ઉત્પન્ન કઇ રીતે થાય છે. જોકે આ વિશે ઘણી વાર્તાઓ પણ પ્રસિદ્ધ છે. બેન ફ્રેકલિન વિશે સાંભળ્યું હશે. શું તમે જાણો છો તેણે વાવાઝોડા દરમિયાન પતંગ ઉડાવી હતી. તે સાબિત કરવા માંગતા હતા કે વીજળી ઈલેક્ટ્રિસીટીનું જ એક રૂપ છે. આપણે જાણીએ છીએ કે વાવાઝોડામાં પતંગ ઉડાવવી સુરક્ષિત નથી. પરંતુ બેનની વાત પણ સાચી હતી. વીજળી ઈલેક્ટ્રિસીટીનું એક રૂપ છે." મેં વીજળી વિશેના વૈજ્ઞાનિક તથ્યો રજૂ કર્યા.

" ગિરધરભાઇ . તમારા મારા મનમાં એક જ સવાલ ઉભો થાય છે કે વીજળી કેવી રીતે ઉત્પન્ન થાય છે. આકાશમાં રહેલા વાદળો એ જમીનમાં રહેલા પાણીના બાષ્પિભવનની પ્રક્રિયાથી બનતા હોય છે અને તે બાષ્પ આકાશમાં બરફમાં ફેરવાઇ જાય છે. આ બરફના વાદળોના બે પ્રકારો હોય છે. જેમાં ( ) અને ( ) હોય છે. જ્યારે આ બંને વાદળો એકબીજાના સંપર્કમાં આવે છે, તો વાદળો વચ્ચે ભીષણ ધ્વનિ પેદા થાય છે, જેને આપણે ગર્જના કહીએ છીએ. જ્યારે આ વાદળો એકબીજાના સંપર્કમાં આવે છે ત્યારે એક ખૂબ તેજ પ્રકાશ ઉત્પન્ન થાય છે, જેનો અવાજ હોતો નથી. ટૂંકમાં સમજીએ તો વાદળાઓમાં સર્જાતા ઋણ વિદ્યુતભાર(-) અને ધન વિદ્યુતભાર( )ના કારણે વીજળી પેદા થાય છે. આકાશમાં થતી વીજળી ધરતી પર શા માટે પડે છે? હકીકતમાં આકાશમાં ઘુમડતા ઓપોઝીટ એનર્જીના વાદળો વિપરીત દિશામાં જતા એકબીજા સાથે અથડાય છે અને તેમના ઘર્ષણના કારણે પેદા થતી વીજળી ધરતી પર પડે છે. આકાશમાં કોઇ પણ પ્રકારનું કંડક્ટર ન હોવાથી વીજળી પૃથ્વી પર કંડક્ટરની શોધમાં પહોંચે છે. જેના કારણે જે-તે વિસ્તારમાં નુકશાન થાય છે. ધરતી પર પહોંચ્યા પછી વીજળીને કંડક્ટરની જરૂર પડે છે. આકાશીય વીજળી જ્યારે લોખંડના થાંભલાની આરપારથી પસાર થાય છે તો તે કંડક્ટરનું કામ કરે છે અને વીજળી જમીનમાં સમાઇ જાય છે. આ સમયે જો કોઇ માણસ તેના સંપર્કમાં આવે તો તેનું મોત પણ થઇ શકે છે અથવા ઈજાગ્રસ્ત પણ થઇ શકે છે."

વીજળીની રમ્ય ગાથા કહી!!

"રાજુ બધી વીજળી ધરતી પર પડતી નથી. આકાશમાં બે પ્રકારની વીજળી પેદા થાય છે. જેમાંથી એક એવી હોય છે જે ફક્ત વાદળોમાં જ રહે છે અને તેનો અવાજ પણ આવતો નથી, માત્ર ચમકારા થાય છે. જ્યારે બીજા પ્રકારની વીજળી સીધી જમીન પર આવે છે અને તેનો જોરદાર અવાજ પણ સંભળાય છે. તેને જમીન પર આવતા માત્ર ૦.૦૫ સેકન્ડનો સમય લાગે છે અને તે સમયમાં તે જમીન પર પડે છે. આ વીજળી જ્યારે જમીન પર આવે છે ત્યારે આસપાસના વિસ્તારમાં વાતાવરણ ખૂબ ગરમ થઇ જાય છે, જેના કારણે તેમાં જોરદાર અવાજ આવે છે." વીજળીની યાત્રાની રોચકતા કહી.

" ગિરધરભાઇ.આપણે વીજળી એટલે વીજળી એમ માનીએ છીએ. પરંતુ , ડાયરેકટ સ્ટ્રાઈક, ગ્રાઉન્ડ કરન્ટ,સાઈડ ફ્લેશ, કન્ડક્શન,વગેરે પ્રકાર છે. એપ્રિલ ૨૦૧૮ દરમિયાન આંધ્ર પ્રદેશમાં ૧૩ કલાકમાં ૩૬,૭૪૯ વખત વીજળી પડી હતી. આ આંકડો સામાન્ય કરતાં અનેકગણો વધારે હતો. વિશ્વમાં સૌથી વધુ વીજળી દક્ષિણ અમેરિકા ખંડના દેશ વેનેઝુએલાના માર્સિબો તળાવમાં ખાબકે છે. નાસાએ ૧૬ વર્ષ સુધીનો ડેટા એનાલિસિસ કર્યા પછી જાહેર કર્યું કે તળાવના આકાશમાં વર્ષે દર ચોરસ કિલોમીટરે ૨૩૩ વખત વીજળી ત્રાટકે છે. ૩૧મી ઓક્ટોબરે બ્રાઝિલના આકાશમાં જોવા મળેલી વીજળી અત્યાર સુધીની સૌથી લાંબી હતી. એ વીજળીના ચમકારાની લંબાઈ ૭૧૦ કિલોમીટર નોંધાઈ હતી. અત્યાર સુધીમાં નોંધાયેલો સૌથી લાંબો સમય દેખાયેલો ચમકારો ૧૬.૭૩ સેકન્ડનો હતો. માર્ચ ૪, ૨૦૧૯ના દિવસે એ ચમકારો આર્જેન્ટિનાના ગગનમાં જોવા મળ્યો હતો. એટલી વારમાં બહુ બહુ તો એકાદ મોતીડું પરોવી શકાય. "રાજુએ વીજળીના ચમકારા જેવી વાત કરી!

" ગિરધરભાઇ કાળા માથાનો( સૂચનાઃ-અહીં હેરડાઇ કરીને ધોળી વાળ છુપાવનારાનીન વાત કરી નથી! સૂચના સમાપ્ત!!)શું ન કરી શકે? સાગરને નાથી શકે, (ઘરવાળીને નાથવાની વાત ભૂલેચૂકે વિચારવી નહીં!!) પર્વતનો ભૂકકો કરી શકે. સ્વિત્ઝરલેન્ડના વૈજ્ઞાનિકોએ વીજળીને વાળવાની સિધ્ધિ મેળવી છે!! સ્વિત્ઝર્લેન્ડના વિજ્ઞાનીઓને મોટી સફળતા મળી છે. તેઓ લેઝરની મદદથી અવકાશમાંથી પડતી વીજળીનો રસ્તો બદલવામાં સફળ રહ્યા છે. આ ટેક્નિક વીજળી પડવાથી ઈમારતોને થતાં નુકસાનને અટકાવવામાં કારગર સાબિત થશે. વિજ્ઞાનીઓએ જણાવ્યું કે ઉત્તર-પૂર્વ સ્વિત્ઝર્લેન્ડમાં માઉન્ટ સેન્ટિસના પહાડો પરથી આકાશ તરફ લેઝર મારફતે વીજળીનો રસ્તો બદલ્યો છે.

આ પ્રયોગ માઉન્ટ સેન્ટિસ પર એક ટેલિકોમ ટાવર પર કરાયો હતો, જેને યુરોપમાં વીજળી પડવાથી સૌથી વધુ નુકસાન પહોંચે છે. ૨૦૨૧માં બે મહિના ચાલેલા આ પ્રયોગ દરમિયાન ખૂબ જ તીક્ષ્ણ લેઝર કિરણોને ૧,૦૦૦ વાર પ્રતિ સેકન્ડના દરથી આકાશ તરફ ફેંકવામાં આવ્યા હતા. આ લેઝરનો ટાર્ગેટ વીજળી હતી. જ્યારે સિસ્ટમ સક્રિય હતી ત્યારે ચાર વાર વીજળી પડી હતી અને તેના પર સચોટ નિશાન સાધવામાં આવ્યું હતું. પહેલી વાર તો સંશોધકોએ બે ઝડપી કેમેરાની મદદથી વીજળીના રસ્તાને બદલવાની પ્રક્રિયાને રેકોર્ડ કરી હતી. કુદરતી વીજળીનો રસ્તો બદલવામાં લેઝરનો ઉપયોગ

રિસર્ચથી જોડાયેલા ભૌતિકવિજ્ઞાની ઓરેલિંએ ઉઆરે જણાવ્યું કે પહેલી વાર કુદરતી વીજળીનો રસ્તો બદલવા માટે લેઝરનો પ્રયોગ કર્યો છે. આ ટેક્નિકમાં વધુ સંશોધન બાદ તેને મહત્ત્વપૂર્ણ ઈમારતોની સુરક્ષા માટે તહેનાત કરી શકાય છે અને વીજળી પડવાથી સ્ટેશનો, એરપોર્ટ, વિન્ડ ફાર્મા અને એવી અન્ય જરૂરી ઈમારતોને નુકસાનથી બચાવી શકાય છે. તેનો ફાયદો ઈમારતો ઉપરાંત કોમ્યુનિકેશનનાં ઉપકરણો તેમજ વીજળીની લાઇનો જેવી મહત્ત્વપૂર્ણ સુવિધાઓની સુરક્ષાની સાથે સાથે દર વર્ષે હજારો લોકોનો જીવ પણ બચાવી શકાશે." રાજુએ અવનવા પ્રયોગની કથા કહી!'

" રાજુ . તું સ્વિત્ઝરલેન્ડ કેમ જવા માંગે છે તેનું કાંઇ કહ્યું નહીં?" મેં રાજુના મૂળ મુદા પર સવાલ કર્યો.

" તમે તો જાણો છે કે બખડજંતર ચેનલમાં આપણે ગધેડા કે ખચ્ચરની જેમ રાતદિવસ તનતોડ મહેનત કરીએ છીંએ. આપણને પગારવધારો કે બોનસ ફોનસ મળતું નથી, અધૂરામા પૂરું બાબુલાલ બબુચક આપણને પાણીથી પાતળા કરૂં નાંખ છે. આપણું અપમાન કરવાની તક છોડતા નથી.

હવે તો મરવા કે મારવા સિવાય કોઇ વિકલ્પ નથી રહ્યો. બાબુલાલને આપણે મારી નાંખીએ અને કોઇ પુરાવો રહી જાય તો જેલમાં ચક્કી પીસવી પડે. અટલે પેલા વૈજ્ઞાનિકોને મોં માંગ્યા પૈસા સળગાવીને વીજળીનો રસ્તો બેમાથાવાળા બોસ બાબુલાલની ઝૂલણ ખુરશી પર શિફ્ટ કરવો છે" રાજુએ દાંત ભીસીને કહ્યું

મારા પર સાચુકલી વીજળી પડી હોય તેમ હું સજ્જડબમ થઇ ગયો!!

ભરત વૈષ્ણવ
૨૫.૧.૨૦૨૪.

### બીબીસીની ડોક્યુમેન્ટ્રી પર જેએનયુમાં હંગામો

# બે વિદ્યાર્થી જૂથ વચ્ચે પથ્થરમારાની ઘટના બાદ પોલીસે ફરિયાદ નોંધી

નવીદિલ્હી,તા.૨૫

દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાં બીબીસીની ડોક્યુમેન્ટ્રીને લઈને વિવાદ ઉભો થયો છે. જેએનયુએસયુએ ડોક્યુમેન્ટરીના સ્ક્રીનિંગ દરમિયાન પથ્થરમારો કર્યા બાદ હંગામો મચાવ્યો હતો. આ દરમિયાન વિદ્યાર્થીઓએ રેલી કાઢીને વસંતકુંજ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને મોડી રાત્રે દેખાવો કર્યા. જો કે પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ વિદ્યાર્થીઓએ પોતાનો વિરોધ પાછો ખેંચી લીધો હતો. જેએનયુએસયુ પ્રમુખ આઈશી ઘોષે કહ્યું કે, અમે ૨૫ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, પોલીસે ખાતરી આપી છે કે તેઓ તપાસ કરશે.આઈશી ઘોષે કહ્યું કે, જે લોકો ઈજાગ્રસ્ત થયા છે તેઓ પણ સારવાર બાદ પોલીસ સ્ટેશનમાં પોતાનું નિવેદન આપશે. તેમણે કહ્યું કે અમે જેએનયુ પ્રશાસનને પણ ફરિયાદ કરીશું. અત્યારે અમે વિરોધ બંધ કરીએ છીએ, પોલીસ પ્રશાસનને તેની તપાસ કરવાની અપીલ કરીએ છીએ.

વાસ્તવમાં પીએમ મોદી પર આધારિત વિવાદાસ્પદ બીબીસી ડોક્યુમેન્ટરીને લઈને ડાબેરી પાંખ અને જેએનયુ પ્રશાસન વચ્ચે ઝઘડો છે. મંગળવારે મોડી રાત્રે એબીવીપી અને ડાબેરી વિદ્યાર્થીઓ વચ્ચે પથ્થરમારો થયો હતો. આ દરમિયાન જેએનયુ કેમ્પસમાં વીજળી અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. પથ્થરમારો પછી ગુસ્સે થયેલા વિદ્યાર્થીઓએ વસંત કુંજ પોલીસ સ્ટેશનની બહાર માર્ચ કાઢી અને દિલ્હી પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. બીજી તરફ, દિલ્હી પોલીસ સેન્ટ્રલ કંટ્રોલ રૂમના સૂત્રોના જણાવ્યા અનુસાર, હંગામાને જોતા



ત્દ્ઢેંમાં વધારાની પોલીસ દળ તૈનાત કરવામાં આવી છે.

વાસ્તવમાં, જેએનયુ સ્ટુડન્ટ્સ યુનિયન વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર વિવાદાસ્પદ બીબીસી ડોક્યુમેન્ટરીનું પ્રસ્તાવિત સ્ક્રીનિંગ યોજી શક્યું નથી. વિદ્યાર્થીઓનો આરોપ છે કે યુનિવર્સિટી પ્રશાસને વિદ્યાર્થી સંઘની ઓફિસની વીજળી અને ઈન્ટરનેટ કનેક્શન કાપી નાખ્યું હતું. જોકે, તેણે પોતાના મોબાઈલ ફોન અને લેપટોપ પર ડોક્યુમેન્ટરી જોઈ હતી. જેએનયુ પ્રશાસનના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે યુનિવર્સિટીમાં પાવર સપ્લાય લાઇનમાં ગંભીર ખામી સર્જાઈ છે. અમે તેની તપાસ કરી રહ્યા છીએ. તેનો વહેલી તકે નિરાકરણ લાવવામાં આવશે તેવું એન્જિનિયરિંગ વિભાગ કહી રહ્યું છે.

ડોક્યુમેન્ટરી જોવા માટે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયન ઓફિસની બહાર ભેગા થયેલા વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે, જ્યારે તેઓ તેમના ફોન પર તેને જોઈ રહ્યા હતા ત્યારે તેમના પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જો કે, એક સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસને આવી કોઈ ઘટનાની જાણ કરવામાં આવી નથી. વિદ્યાર્થીઓના આક્ષેપો અને દાવાઓ પર વહીવટીતંત્ર તરફથી તાત્કાલિક કોઈ ઓફિશિયલિ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. તેમણે સોમવારે કહ્યું હતું કે, વિદ્યાર્થી સંઘે કાર્યક્રમ માટે તેમની પરવાનગી લીધી નથી અને તે રદ થવી જોઈએ.

ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશનના રાષ્ટ્રીય અધ્યક્ષ એન સાઈ બાલાજીએ દાવો કર્યો હતો કે, વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટરીને જોવા અને શેર કરવા માટે ઓનલાઈન એપ્લિકેશન દ્વારા તેમના મોબાઈલ ફોન પર ડાઉનલોડ કરી હતી. જવાહરલાલ નેહરુ સ્ટુડન્ટ્સ યુનિયનમાં ડાબેરી સમર્થિત ડેમોક્રેટિક સ્ટુડન્ટ્સ ફેડરેશન , ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન,સ્ટુડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ ફેડરેશન (AISF) ના સભ્યોનો સમાવેશ થાય છે.

સરકારે શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ટ્વિટર અને યુટ્યુબને ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન નામની ડોક્યુમેન્ટ્રીની લિંક્સ બ્લોક કરવાનો નિર્દેશ આપ્યો છે. વિદેશ મંત્રાલયે આ ડોક્યુમેન્ટ્રીને પ્રચારની યુક્તિ ગણાવીને ફગાવી દીધી છે. સરકાર કહે છે કે, તેમાં ઉદ્દેશ્યનો અભાવ છે અને તે સંસ્થાનવાદી માનસિકતા દર્શાવે છે. વિરોધ પક્ષોએ, જોકે, ડોક્યુમેન્ટરીની ઍક્સેસને અવરોધિત કરવાના સરકારના પગલાની ટીકા કરી છે.

# બ્રિજભૂષણ શરણ સામે જાતીય સતામણીના આરોપોને કોર્ટમાં પડકાર્યો

નવીદિલ્હી,તા.૨૫

ભારતીય કુસ્તી જગત હાલમાં ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા દેશના દિગ્ગજ કુસ્તીબાજોએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે મોરચો ખોલ્યો હતો અને નવી દિલ્હીના જંતર-મંતર પર ત્રણ દિવસ સુધી ધરણા કર્યા હતા. આ કુસ્તીબાજોમાં ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયા, સાક્ષી મલિક, રવિ દહિયા અને વિનેશ ફોગાટનું નામ સામેલ હતું. આ તમામે ભારતીય ઓલિમ્પિક સંઘે પત્ર લખીને ફરિયાદ કરી હતી કે ભૂષણે મહિલા ખેલાડીઓનું યૌન શોષણ કર્યું હતું.આ તમામે રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર સાથે બે વખત બેઠક કરી હતી અને પોતાની વાત રાખી હતી. આ બધા પછી સોમવારે રમતગમત મંત્રીએ આ મામલાની તપાસ માટે પાંચ સભ્યોની કમિટીની રચના કરી હતી. પરંતુ હજુ પણ આ ખેલાડીઓની નારાજગી દૂર થઈ નથી, પરંતુ તેમની ફરિયાદો વધી છે. અનુરાગ ઠાકુરે ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પીટી ઉષા મહિલા બોક્સર મેરી કોમની અધ્યક્ષતા હેઠળ પાંચ - મેમ્બર સમિતિની રચના કરી.રમતગમત મંત્રાલયે આ લોકોને આગામી એક મહિના માટે ભૂષણ સામેના તમામ આક્ષેપોની તપાસ કરવા અને ડબ્લ્યુએફઆઈની દૈનિક કામગીરી જોવા સોંપવામાં આવી છે. આ સમિતિની રચના પછી, એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે વિરોધ કરનારા ખેલાડીઓ ખુશ થશે પરંતુ તેઓ ગુસ્સે થઈ ગયા છે.સાક્ષીથી બજરંગ અને વિનેશ સુધી, મંગળવારે, તેઓએ તે જ પ્રકારનું ટ્વિટ કર્યું અને કહ્યું કે તેઓ આ સમિતિની રચનાથી ખુશ નથી. તે બધાએ ટ્વિટ કર્યું કે, અમને ખાતરી આપવામાં આવી હતી કે કમિટીની રચના પહેલાં અમારી સલાહ લેવામાં આવશે. તે ખૂબ જ દુખદ છે કે આ સમિતિની રચના પહેલાં અમારી સલાહ પણ લેવામાં આવી ન હતી. આ ટ્વીટથી સ્પષ્ટ છે કે આ ખેલાડીઓની સૌથી મોટી ફરિયાદ છે કે, શા માટે સમિતિની રચના કરતા પહેલા તેમની સાથે વાત કરવામાં આવી ન હતી.કુસ્તીનું દંગલ હવે કોર્ટ સુધી પહોંચી ગયું છે. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહના સહયોગી વતી ધરણા કરનારા કુસ્તીબાજો વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં બ્રિજભૂષણ સિંહ પર કુસ્તીબાજો દ્વારા લગાવવામાં આવેલા જાતીય સતામણીના આરોપોને પણ પડકારવામાં આવ્યા છે. જો કે બ્રિજ ભૂષણે કોર્ટમાં અરજી અંગે નિવેદન આપ્યું છે.આ અરજી બ્રિજભૂષણ શરણ સિંહના સહયોગી તરફથી દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે કુસ્તીબાજોએ ન્યાયની મજાક ઉડાવીને જાતીય સતામણી કાયદાનો સંપૂર્ણપણે દુરુપયોગ કર્યો હતો.

# પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ભારત આવશે ?

નવીદિલ્હી,તા.૨૫

ભારતે આ વર્ષે યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકો માટે પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ ઉમર અતા બંદિયાલ અને વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીને આમંત્રણ મોકલ્યું છે. હાલમાં તેની અધ્યક્ષતા ભારત કરે છે. આ વર્ષે ભારતમાં ઘણી બેઠકો યોજાવાની છે. જીર્ઝના મુખ્ય ન્યાયાધીશ આ વર્ષે માર્ચમાં મળશે, જ્યારે વિદેશ મંત્રીઓની બેઠક મે મહિનામાં ગોવામાં યોજાવાની છે. ચીનના વિદેશ મંત્રી સહિત અન્ય સભ્ય દેશોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.સૂત્રોનું કહેવું છે કે, જોકે સીજેપી બંદિયાલ અને બિલાવલ ભુટ્ટોએ હજુ સુધી ભારતના આ આમંત્રણનો જવાબ આપ્યો નથી. એ જોવાનું રહેશે કે પાકિસ્તાન જીર્ઝની બેઠકમાં ભાગ લે છે કે નહીં, કારણ કે બંને દેશો વચ્ચે તણાવ યથાવત છે.એસસીઓ એક મુખ્ય પ્રાદેશિક મંચ છે જેમાં પાકિસ્તાન, ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, ઉઝબેકિસ્તાન, તાજિકિસ્તાન અને ભારત સામેલ છે. તે મુખ્યત્વે એસસીઓ સભ્ય દેશો વચ્ચે વેપાર, નાણાં, વાણિજ્ય અને સામાજિક-આર્થિક સહકારના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.જો પાકિસ્તાનના ચીફ જસ્ટિસ અને વિદેશ મંત્રી બંને ભારતની મુલાકાત લે છે, તો તે મહત્વપૂર્ણ માનવામાં આવશે અને તાજેતરના વર્ષોમાં પાકિસ્તાન તરફથી આ પ્રથમ હાઈ-પ્રોફાઈલ મુલાકાત હશે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG.SS.NO.0032**
વિષય:- કાગળ અને કલમ
વિભાગ:- પદ્ય
શીર્ષક :- 'સાહિત્યનું ઘેલું'
કોરા કાગળ પર પડ્યાં,
સાહિત્યનાં કંકુ પગલાં.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
નાની એવી થઈ પ્રેરણા,
અને હાથમાં લીધી કલમ.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
હું અને મારું સાહિત્ય,
પૂર્યા મેઘધનુષી રંગો.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું
હું કલમની પ્રેમી,
હું સાહિત્યની પ્રેમી.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
મને લાગી સાહિત્યની લગન,
ભર્યું ભર્યું છે આખું ગગન.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
કલમ કાગળ મસ્તીમાં છે મગન,
હવે મીનુ, સાહિત્યમાં તરબોળ,.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
સાહિત્ય જ ભાષાની ઓળખ,
મારું મન છે વિચારોનું મંથન.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
હું ગુજરાતી, હું ગુજરાતણ ,
સાહિત્યમાં હવે મારી લગામ.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
સાહિત્યમાં જ સુગંધ ભળે,
સાહિત્યમાં જ સંગીત વહે.
મને લાગ્યું સાહિત્યનું ઘેલું.
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ ..૨૪/૧/૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય:-કાગળ અને કલમ
પ્રકાર:-પદ્ય
શબ્દ:-૨૪૦
શીર્ષક:-
"જોડી કાગળકલમની"
કાગળ પરનું કુંડાળું
અનંતને એ આંબતું!!
કલમ કેરું ટપકું? અનંતને એ આંબતું...
ખબર નઈ,ક્યાં જઈ પહોંચતું?!
કાગળના સમરાંગણ ઉપર..
ફરતી કલમની તલવાર! કવિઓ કર્યા ઘાયલ!!
મુરજાવી લેખકની કટાર!!
કાગળ કલમની બોલાચાલી??
આ જુગની પેલે પાર!! 'અલેક્ષા' ને 'ગૂગલ'ની વચ્ચે
મોબાઈલે કર્યો જીર્ણોદ્ધાર!
કોમ્પ્યુટરના કરતૂત તો દેખો
કલમ થઈ બેહાલ!
કાગળ કહે, ના થા કોડીની તું.. કલમ ! તારો થશે જયજયકાર..
કાગળ કલમની અવિચળ જોડી,
કાગળ પરનું કુંડાળું
અનંતને એ આંબતું!!
કલમ કેરું ટપકું?
અનંતને એ આંબતું..
કાગળ કલમની પૂરક દોસ્તી
છેદ્યાં જન જન નાં મન
કપટ કરી કાગળના બોલે
છૂટે કલમનાં તીર સનનનન!
કાગળ પરનું કુંડાળું
કલમ કેરું ટપકું
અનંતને આંબીને પણ
કરતું જગને આવાહન!
ખબર નઈ, ગૂગલ કે અલેક્ષા સાથે
રમતું ભમતું ટપકું
કલમનું!!? કાગળ પરનું કુંડાળું? કે કલમનું છે ટપકું??
અનંતને આંબતું.
અનંતને એ આંબતું...!
કાગળ પરનું કુંડાળું
અનંતને આંબતું!!
કલમ કેરું ટપકું?
અનંતને આંબતું...
ખબર નઈ,ક્યાં જઈ પહોંચતું?!
કાગળના સમરાંગણ ઉપર..
ફરતી કલમની તલવાર! કેટલા કવિઓ કર્યા ઘાયલ!!
મુરજાવી લેખકની કટાર!!
કાગળ કલમની બોલાચાલી??
આ જુગની પેલે પાર!! 'અલેક્ષા' 'ગૂગલ'ની વચ્ચે
મોબાઈલે કર્યો જીર્ણોદ્ધાર!
કોમ્પ્યુટરના કરતૂત દેખો!!
કલમ થઈ બેહાલ!
કાગળ કહે, ના થા કોડીની તું..
કલમ ! તારો થશે જયજયકાર..
કાગળ કલમની અવિચળ જોડી!
કાગળ પરનું કુંડાળું
અનંતને એ આંબતું!!
કલમ કેરું ટપકું?
..
કાગળ કલમની પૂરક દોસ્તી !
છેદ્યાં જન નાં મન!
કપટ કરી કાગળના બોલે?
છૂટે કલમનાં તીર સનનનન!
કાગળ પરનું કુંડાળું
કલમ કેરું ટપકું
અનંતને આંબીને પણ
જગને આવાહન!
ખબર નઈ, ગૂગલ, અલેક્ષા સાથે
રમતું ભમતું 'ટપકું'
કલમનું!!? કાગળ પરનું કુંડાળું? કલમનું છે ટપકું??
અનંતને આંબતું.
...!
મુક્તિદા કુમાર 'મનચલી'..મુંબઈ - મહારાષ્ટ્ર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG*SS*NO*0095***
★વિષય★- ★કાગળ અને કલમ★
★શીર્ષક★- ★કલમનું મહત્વ★
★શબ્દો★- ★૩૪૯★
★પ્રકાર★- ★લેખ★
★રચના★

★કાગળ અને કલમ★ બેઉ જ્ઞાનની આરાધના ના સાધન છે. અક્ષર જ્ઞાન ની શરૂઆત જ કાગળ અને કલમથી થાય છે.

અરે ! હું તો એમ કહીશ કે, મનુષ્યનો જન્મ થતા જ એનું જીવન લખવા માટે પણ છઠ્ઠીને દિવસે વિધાતા દેવી આવે છે ત્યારે આપણે એક પાટલા ઉપર "કોરો કાગળ અને લેખની" મૂકીએ છીએ. તો જુઓ મનુષ્ય જીવન માટે આ કાગળ કલમ જન્મથી લઈ મૃત્યુ સુધી કોઈને કોઈ રીતે જોડાયેલા જ છે.

મેં એક પુસ્તકમાં વાંચેલું કે , " જ્યારે એક જીવ જન્મે છે અને વિધાતા દેવી લેખ લખવા આવે ત્યારે એ જીવ કેવી અપેક્ષા રાખે છે વિધાતા પાસે!"

જીવ કંઈક અવાજ સાંભળીને પૂછે છે કોણ છે?

વિધાતા કહે છે એ તો 'હું' છું.

વળી જીવ પૂછે છે હું કોણ ?

વિધાતાએ કહ્યું ,"હું વિધાતા, તારા લેખ લખવા આવી છું."

જીવ કહે, " ઓહો, આવો આવો". પણ મારા જીવનમાં દુ:ખ ,નિરાશા ,એકલતા ,મુશ્કેલી આવું કશું જ ના લખશો. બસ સુખ, મોજ મસ્તી ,આનંદ ,સફળતા અને આરામ જ લખજો.

વિધાતા કહે, અરે ! આવું ભાગ્ય તો ખુદ ઈશ્વરને પણ મળ્યું નથી અને તું તો એક પામર મનુષ્ય છે. ભગવાન કૃષ્ણ, મહાવીર, રામ કે સ્વયમ મહાદેવને પણ કેટલા બધા કષ્ટ સહન કરવા પડ્યા હતા?

ઈશ્વરે રચેલી આ કુદરત પણ આડી અવળી જ છે ને ! ફૂલો, નદી ,પર્વતો ,ઝરણા કે ખીણ આ બધું સીધુ સટાક જ બનાવ્યું હોત તો? એની સુંદરતા આપણને ના સમજાત.

સીધી લીટી તો અંતની નિશાની છે. જેમ પેન્સિલની અણી ધારદાર હોય તો જ અક્ષરો સુંદર આવે. એમ જ જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરે તો જ એમાંથી ઉત્તમ ચારિત્ર બને. આમ ભાગ્ય બદલવું તારા હાથમાં નથી પણ જીવનમાં આવતા ચડાવ ઉતાર માંથી જ નવું સર્જન કરીને આગળ વધવું એ જ જીવન છે.

જીવ કહે, અરે ! દેવી તમારે જે લખવું હોય તે લખી દો. મને બધું મંજૂર છે. હું પુરુષાર્થ કરીને આગળ વધીશ.

આ તો હતી એક પુસ્તકમાં લખાયેલી કાલ્પનિક વાત. પરંતુ આપણા જીવનમાં તે કેટલી બધી લાગુ પડે છે એ સમજવું જ રહ્યું. પોતાના વિચારોને વ્યક્ત કરવા માટે શબ્દો જોઈએ, પણ એ શબ્દોને દેહ આપવા માટે કલમ જ જોઈએ. આમ કલમ તો આંગળી રૂપી વાટ પર પ્રગટેલી નરમ જ્યોત છે. જે પોતાની જાત ઘસીને અન્યના જીવનમાં જ્ઞાનનો દીપક પ્રગટાવે છે.

★દીપિકા ચાવડા "તાપસી★"
★ભાવનગર★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 120**
વિષય : કાગળ અને કલમ
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : લખવા બેસું
શબ્દો : ૭૬
લાવો કાગળ અને કલમ લઈને હું લખવા બેસું,
જન્મથી મરણ સુધીનો હિસાબ હું લખવા બેસું.
નિશાળે બેસતાં મને કાગળ અને કલમ અપાતાં,
સાહેબ શિખવતા એ ઘેર આવી હું લખવા બેસું.
વિધીના લેખ લખવા માટે પણ ચોપડો ચિતરતા,
જીવનમાં સારા કાર્યોનો હિસાબ હું લખવા બેસું.
જીવન શાળામાં ચિત્રગુપ્ત રાખતા સૌનાં હિસાબો,
હરહંમેશા સારા કર્મોનો હિસાબ હું લખવા બેસું.
કાગળ અને કલમ વિગર કદાપી કંઈ ચાલે નહીં,
★રમા★ કહે રોજેરોજની રોજનીશી હું લખવા બેસું.
ડૉ રમીલા ડી મકવાણા ★રમા★
?? લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***N.O.G. S. S. No 0102.***
નામ:- ★રતીલાલ વાયડા★
વિષય:-"આદર્શ ઘર, પરિવાર અને લગ્ન જીવન★
પ્રકાર:- ગદ્ય લેખ.
શીર્ષક :-★આદર્શ ઘર પરિવાર અને લગ્ન જીવન★.
શબ્દ સંખ્યા:-૩૧૬
★રચના:★-

જ્યાં શાંતિ ,સાથ ,સહકાર ,પ્રેમ ,સદભાવના અને આશ્રય મળે તેને આપણે આદર્શ કુટુંબ કહી શકાય.

કુટુંબ સંયુક્ત પણ હોઈ શકે અને વિભક્ત પણ હોઈ શકે .આજના જમાનામાં સગવડતા અનુસાર કુટુંબોની રચના થતી હોતી હોય છે.

પતિ ,પત્ની, બાળકો અને અન્ય કુટુંબીજનોનો સાથ,સહકાર હોય , ખુશીથી પોતાનું જીવન વ્યતિત કરતા હોય તેને આદર્શ કુટુંબ કહી શકાય.

કુટુંબના સભ્યો તરફ હૃદય પૂર્વકની ભાવના હોય એકબીજાથી સતત પ્રગતિ ઈચ્છતા હોય નબળા સબડાને નિભાવી લેતા હોય એ જ સારું કુટુંબ કહી શકાય.

લગ્ન થયા પછી પતિ પત્ની પોતાની ફરજો પોતાના કુટુંબ તરફ નિભાવે અને પોતાનું પણ આદર્શ જીવન વ્યક્તિત્વ કરે એ પણ કુટુંબનું આગવું લક્ષણ છે.

પુરુષો કમાઈને લાવે અને સ્ત્રીઓ સાથે મળીને ઘરને સ્વર્ગ બનાવે એ જ આપણી ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે.

આવા કુટુંબમાં ઉછરતા બાળકો ખુબ જ સંસ્કારી અને શિક્ષિત બને છે ,એટલું જ નહીં પણ ભવિષ્યમાં પણ પોતાની ફરજો સમજે અને કુટુંબ તરફ પોતાનો પ્રેમ અભિવ્યક્ત કરે છે.

જે કુટુંબમાં આ પ્રકારનું વાતાવરણ નથી હોતું ત્યાં હંમેશા કજીઓ , કંકાસ જોવા મળે છે. કુટુંબમાં દિન પ્રતિદિન અશાંતિ અને માંદગી વધવા લાગે છે અને ધીરે ધીરે કુટુંબ તૂટવાની કગાર ઉપર આવીને ઉભુ રહેતું હોય છે એટલું જ નહીં પણ સમાજમાં પણ તેઓ હાસ્યસ્પદ બનતા હોય છે.

આવા ઝગડાલું કુટુંબોની સાથે લોકો સામાજિક વ્યવહાર પણ ઓછો રાખે છે. એટલું જ નહીં પરંતુ તેના સંતાનોનો કોઈ હાથ ઝાલવા પણતૈયારહોતુંનથી .સંતાનોને સારી કન્યા કે વર મળતો નથી એ પણ એક હકીકત છે.

કુટુંબ જીવન નિભાવું એ તલવારની ધાર ઉપર ચાલવા જેવું આજના જમાનામાં છે. વડીલોને અને પુરુષ વર્ગને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે એટલું જ નહીં પણ બહેનોનો પણ સહકાર હોય તો આ મુશ્કેલીઓ ઘણી ઓછી બની જાય છે અને તેઓ નાની સુની મુશ્કેલીઓનો ભેગા મળી સામનો કરી રસ્તો કાઢે છે અને પોતાને માટે એક સુંદર જીવન ઊભું કરે છે.

આપણે પણ આવા વસુધૈવ કુટુંબની ભાવનાને ઉજાગર કરીએ અને એ રીતનું આપણે આપણા કુટુંબનું જીવન ચલાવી અને ભારતીય સંસ્કૃતિની પરંપરા ચાલુ રહે તેવું આપણે કરવું જોઈએ.

લેખક:- 'રતીલાલ વાયડા'
૨૧/૦૧/૨૦૨૩. શનિવાર.
નવી મુંબઈ.

### તપાસ સમિતિની રચના થઈ, છતાં કુસ્તીબાજો ગુસ્સે
# સાક્ષીથી લઈને બજરંગ અને વિનેશ ટ્વીટ કરી કહ્યું કે તેઓ સમિતિની રચનાથી ખુશ નથી
## અમને ખાતરી આપવામાં આવી હતી કે નિરીક્ષણ સમિતિની રચના કરવામાં આવે તે પહેલાં અમારી સલાહ લેવામાં આવશે.

નવીદિલ્હી,તા.૨૫

ભારતીય કુસ્તી જગત હાલમાં ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા દેશના દિગ્ગજ કુસ્તીબાજોએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે મોરચો ખોલ્યો હતો અને નવી દિલ્હીના જંતર-મંતર પર ત્રણ દિવસ સુધી ધરણા કર્યા હતા. આ કુસ્તીબાજોમાં ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયા, સાક્ષી મલિક, રવિ દહિયા અને વિનેશ ફોગાટનું નામ સામેલ હતું.આ તમામે ભારતીય ઓલિમ્પિક સંઘને પત્ર લખીને ફરિયાદ કરી હતી કે ભૂષણે મહિલા ખેલાડીઓનું યૌન શોષણ કર્યું હતું. આ તમામે રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર સાથે બે વખત બેઠક કરી હતી અને પોતાની વાત રાખી હતી. આ બધા પછી સોમવારે રમતગમત મંત્રીએ




આ મામલાની તપાસ માટે પાંચ સભ્યોની કમિટીની રચના કરી હતી.રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે ઓલિમ્પિક મેડલ વિજેતા અનુભવી મહિલા બોક્સર મેરી કોમની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની સમિતિની રચના કરી હતી. આ સમિતિમાં ઓલિમ્પિક મેડલ વિજેતા કુસ્તીબાજ યોગેશ્વર દત્ત, ઓલિમ્પિક સેલના સભ્ય તૃપ્તિ મુરગુંડે, ભૂતપૂર્વ સીઈઓ રાજગોપાલન અને ભૂતપૂર્વ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (ટીમ) રાધિકા શ્રીમનનો સમાવેશ થાય છે.સ્પોર્ટ્સ મિનિસ્ટ્રીએ ભૂષણ પર લાગેલા તમામ આરોપોની તપાસ કરવા માટે આગામી એક મહિના સુધી WFIની રોજબરોજની કામગીરી જોવાની જવાબદારી આ લોકોને સોંપી છે. આ કમિટીની રચના બાદ વિરોધ નોંધાવનાર ખેલાડીઓ ખુશ થશે તેવી અપેક્ષા હતી પરંતુ ઉલટું તેઓ નારાજ થયા છે.સાક્ષીથી લઈને બજરંગ અને વિનેશે આ જ વાત ટ્વીટ કરી અને કહ્યું કે તેઓ આ સમિતિની રચનાથી ખુશ નથી. આ બધાએ શું ટ્વીટ કર્યું હતું. "અમને ખાતરી આપવામાં આવી હતી કે નિરીક્ષણ સમિતિની રચના કરવામાં આવે તે પહેલાં અમારી સલાહ લેવામાં આવશે. આ ખૂબ જ દુ:ખની વાત છે કે આ સમિતિની રચના પહેલા અમારી સાથે સલાહ પણ લેવામાં આવી ન હતી.આ ટ્વીટથી સ્પષ્ટ થાય છે કે આ ખેલાડીઓની સૌથી મોટી ફરિયાદ એ છે કે કમિટી બનાવતા પહેલા તેમની સલાહ કેમ લેવામાં આવી ન હતી. આ બધા મુજબ આ લોકોને એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું જે પૂરું ન થયું અને તેથી આ લોકો નારાજ છે.

હવે સવાલ એ છે કે જ્યારે મંત્રાલયે આ લોકોના આરોપોને ધ્યાનમાં લઈને એક કમિટી બનાવી છે, તો પછી આ લોકો કમિટી બનાવતા પહેલા વાત કેમ કરવા માંગતા હતા? આમાં એક વાત સ્પષ્ટ છે કે સમિતિની રચના પહેલા આ ખેલાડીઓ સંભવત: વાત કરવા માંગતા હતા જેથી કરીને તેઓ પોતાની વાત રાખી શકે, તેમની માંગણીઓ જણાવી શકે, એવું પણ બની શકે કે સમિતિમાં કોને સામેલ કરવા જોઈએ અને કોને નહીં.આ લોકો આ અંગે તેમની સલાહ આપી શકે છે. કદાચ આ ખેલાડીઓને જે કમિટિ બનાવવામાં આવી છે તેમાં સામેલ લોકો પર વિશ્વાસ નથી? આ ઉપરાંત, સમિતિની કામગીરી, સમિતિ પાસેથી તેમની શું અપેક્ષાઓ છે, આ/આ લોકો પણ શેર કરે છે, જેથી આ મુદ્દાનો ઉકેલ લાવી શકાય.

# કર્તવ્યપથ પર પ્રજાસત્તાક દિવસે સ્વદેશી તાકાતનો દમખમ, નાગ મિસાઈલ જોવા મળશે
### બ્રહ્મોસ,કે-૯ વજ્રથી દુશ્મન થરથર કાંપવા લાગશે

નવીદિલ્હી,તા.૨૫

કર્તવ્યપથ પર સેનાની ત્રણેય પાંખના જાંબાઝ જવાનો પોતાની તાકાતનું પ્રદર્શન કરશે. જેને જોઈને ત્યાં હાજર લોકો અને દેશના લોકોની છાતી ગદગદ ફૂલવા લાગશે. તો તેની વિધ્વંસક ક્ષમતા વિશે સાંભળીને દુશ્મન દેશને પરસેવો વળી જશે તે નક્કી છે.

૨૬મી જાન્યુઆરી એટલે પ્રજાસત્તાક દિવસ. આ દિવસે કર્તવ્યપથ પર ભારતીય સેનાની ત્રણેય પાંખ આર્મી, નેવી અને એરફોર્સ પોતાની તાકાતનું પ્રદર્શન કરશે. જેમાં આ વખતે સ્વદેશી નાગ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ પણ ખાસ આકર્ષણ જમાવશે. નાગને અમેરિકાની જેવલીન અને ઈઝરાયલની સ્પાઈક એન્ટી ટેન્ક મિસાઈલની સમકક્ષ માનવામાં આવી છે. નાગ મિસાઈલના તમામ પરીક્ષણ પૂરા થઈ ગયા છે. અને હવે તે ભારતીય સેનાને મળવાની તૈયારીમાં છે.




નાગ મિસાઈલ સિવાય સ્વદેશી બ્રહ્મોસ મિસાઈલ અને આકાશ એર ડિફેન્સ સિસ્ટમ પણ ગણતંત્ર દિવસની પરેડમાં સામેલ થશે. ભારતે ૯૦ના દાયકામાં એક સ્વદેશી ટેન્ક ગાઈડેડ મિસાઈલ પર કામ શરૂ કર્યુ હતું અને હવે તે સપનું ૨૦૨૩માં પૂરું થઈ રહ્યું છે. નાગને બખ્તરબંધ ગાડી કે હેલિકોપ્ટર બંનેથી ફાયર કરી શકાય છે...

સ્વદેશી હથિયારોમાં સૌથી વધારે સફળ બ્રહ્મોસ મિસાઈલ છે. બ્રહ્મોસને જમીન, આકાશ અને સમુદ્ર એમ ત્રણેય જગ્યાએથી ફાયર કરી શકાય છે. ભારતીય નેવીના લગભગ બધા મોટા વોરશીપને બ્રહ્મોસથી સજ્જ કરવામાં આવ્યા છે. દુશ્મનના કોઈપણ હવાઈ હુમલાથી બચવું સૌથી મુશ્કેલ અને જરૂરી હોય છે. ભારતે સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ આકાશને વિકસિત કરી અને હવે તે વાયુસેનાની સાથે સેનામાં પણ સફળતાની સાથે કામ કરી રહી છે. વાયુસેનાની પાસે આકાશની ૮ સ્ક્વાડ્રન છે.. જ્યારે સેનાએ ૨ રેજીમેન્ટનો ઓર્ડર કર્યો છે.

ભારતીય સેનાના તોપખાનાની તાકાતમાં સેલ્ફ પ્રોપેલ્ડ આર્ટિલરી ગન કે-૯ વજ્રે સૌથી મોટો વધારો કર્યો છે.

# ધાનેરામાં છેલ્લા ઘણા વર્ષોથી રાજીવ ગાંધી ભવન નું કામ અધરતાલ



ધાનેરા,

ધાનેરા તાલુકા પંચાયતમાં સરકાર દ્વારા ૨૫ લાખની ગ્રાન્ટ આપી નવ વર્ષ પહેલાં રાજીવ ગાંધી ભવન બાંધવા માટે નક્કી કરવામાં આવ્યું હતું અને આ કામ છેલ્લા દસ વર્ષથી અધૂરું પડી રહ્યું છે અને તમામ નાણા પણ વપરાઈ જવાના કારણે અધિકારીઓ સામે ભ્રષ્ટાચારના ખુલ્લેઆમ આક્ષેપો પણ થવા લાગ્યા છે લોકોએ આ બાબતે અગાઉ અનેકવાર જિલ્લા વિકાસ અધિકારીને પણ રજૂઆત કરવા છતાં આ મકાનનું કામ આજે પણ અધ્ધરતાંલ જોવા મળી રહ્યું છે કેન્દ્ર સરકાર દ્વારા ૧૧ વર્ષ અગાઉ જિલ્લાના તમામ તાલુકા મથકે રાજીવ ગાંધી ભવન બનાવવા માટે ૨૫ લાખની ગ્રાન્ટ આપવામાં આવી હતી અને જે તે સમયે ધાનેરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા તાલુકા પંચાયત પ્રમુખના ક્વાર્ટર્સ પાસે એક ગોડાઉન હતું ત્યાં નક્કી કરવામાં આવેલ અને જૂના ગોડાઉનને તોડી ત્યાં રાજીવ ગાંધી ભવન બનાવવાનું ચાલુ કરાયું હતું દિવાલો બનાવી ધાબા ભર્યા બાદ આ કામે પડ્યું છે અને આજે દસ દસ વર્ષ થવા છતાં આ રાજીવ ગાંધી ભવનનું કામ અધ્ધર તાલ જ છે જ્યારે આ કામમાં ૨૫ લાખ રૂપિયા પુરા થઈ ગયા છે અને કામ પણ ૫૦ ટકા અધૂરું હોવાના કારણે લોકો પણ આ મકાન બનાવવા અધિકારીઓએ ભ્રષ્ટાચાર કર્યો હોવાના જાહેર આક્ષેપો કરી રહ્યા છે તપાસ કરવા બાબતે અગાઉ જિલ્લા વિકાસ અધિકારીને પણ લેખિત રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં છેલ્લા કેટલાય સમય ત્યાં મકાનનું કામ પૂરું કરવામાં આવતું નથી અને લોકો પણ આ મકાન બનાવવામાં ભ્રષ્ટાચાર ના આક્ષેપો કરી રહ્યા છે જાગૃત નાગરિક વશરામભાઈ પટેલે જણાવ્યું હતું કે સરકાર દ્વારા જે ગ્રાન્ટ આવી હતી તે પણ તમામ વપરાઈ ગઈ છે તોય કેમ અધૂરું છે સરકારી જો પુરા નાણા આપ્યા હોય તો કામ પણ પૂરું થવું જ જોઈએ પરંતુ આમાં પૂરું નથી થયું.

# સુરતમાં ખૂબસુરત નજારો, ધરતી પર ઉતર્યું સ્વર્ગ'સુરત અને સિરત બંને હોયખુબસુરત'- નિરંકારી સદગુરૂમાતા સુદીક્ષાજી મહારાજ

**સુરતમાં ખૂબસુરત નજારો, ધરતી પર ઉતર્યું સ્વર્ગ**
**'સુરત અને સિરત બંને હોય ખુબસુરત'**
**- નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ**





સુરત,

સુરતના નિરંકારી ભક્તો માટે મંગળવારનો દિવસ શુભ સાબિત થયો.લોકોને આધ્યાત્મિકતા અને માનવતાનો સંદેશ આપવા સુરતની ધરતી પર પ્રથમવાર આવેલા નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતા રમીતજીના દર્શન કરીને ભક્તો ખુશીથી નાચી ઉઠ્યા હતા.સુરતનો નજારો સુંદર લાગી રહ્યો હતો, જાણે ધરતી પર સોનુ ઉતરી આવ્યું હોય એવું લાગતું હતું.આ નિરંકારી સંત સમાગમનો પ્રસંગ હતો,જ્યાં મંગળવારે સુરતનું યુનિવર્સિટી એક્ઝિબિશન મેદાન શ્રદ્ધા-ભક્તિ અને પ્રેમનું સાક્ષી બન્યું હતું.અનેક જગ્યાએથી પધારેલા ભક્તોની સામાજીક વિવિધતા છતાં એકતાની ઝલક રજૂ કરી રહ્યા હતા.

બ્રહ્મજ્ઞાનના મહત્વ પર પ્રકાશ આપતા સદગુરૂ માતાજીએ કહ્યું કે બ્રહ્મજ્ઞાનની દિવ્ય રોશની તમામ ભ્રમોનો નાશ કરે છે.જ્ઞાનના દૈવિક પ્રકાશ દ્વારા પરમાત્માની જાણકારી કર્યા પછી જીવનમાં જે વિવિધ પ્રકારની ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે કે જે આપણને ભટકવાનું કારણ બને છે તેને દૂર કરીને ઈશ્વર સાથે એકમેક કરે છે,ત્યારબાદ સામાન્ય માનવનું જીવન સંત જેવું બની જાય છે અને તે પ્રેમ વધારવાનું જ શીખવે છે.તેમણે સુરત શહેરનું વર્ણન કરતાં કહ્યું હતું કે સુરત અને સિરત બંને ત્યારે જ સુંદર બનશે જયારે આધ્યાત્મિકતા અને માનવતાનો સંગ હશે.

આપણે દેખાડો ન કરવો જોઈએ.ગમે તેવી પરિસ્થિતિ આવે તેમછતાં આપણી મનઃસ્થિતિ એકસરખી હોવી જોઈએ.નકલી અને અસલી ફૂલ દેખાવમાં સરખા દેખાય છે પણ સુગંધ તો સાચા ફૂલમાંથી જ આવે છે અને તેના ઉપર જ પતંગિયું બેસે છે,કહેવાનો અર્થ એ છે કે આપણું જીવન અંદર અને બહારથી એક સમાન હોવું જોઈએ.કોઈ પણ પ્રકારનો ઢોંગ ના હોવો જોઈએ.બહારથી બધા ઉપર પ્રેમ વરસાવી રહ્યા હોઈએ પણ અંદરથી ઈર્ષ્યાનો ભાવ ના હોવો જોઈએ.આપણે સંતો જેવું જીવન જીવવાનું છે કે જેમની મનઃસ્થિતિ હંમેશા એકસરખી રહે છે,જેઓ દરેક પ્રાણીમાત્રમાં ઈશ્વરનું સ્વરૂપ જોઈને દરેક સાથે પ્રેમ કરે છે.

સુરતના ઝોનલ ઇન્ચાર્જ શ્રી ઓંકારસિંહજીએ સદગુરૂ માતાજી પ્રત્યે હૃદયના ભાવથી આભાર પ્રકટ કર્યો તથા પ્રશાસન અને સ્થાનિક સજ્જનોના સહકાર બદલ ધન્યવાદ આપ્યો હતો.આ સંત સમાગમમાં મધ્યપ્રદેશ,મહારાષ્ટ્ર,રાજસ્થાન તથા ગુજરાતના અનેક ગામો અને શહેરોથી હાજર રહી સંતોની અનુભવજન્ય વાણી,ભક્તિ રચનાઓ તથા ગુરૂવચનામૃતનો લાભ લીધો હતો.

# કુંભણ કેન્દ્રવર્તી શાળાના ઈનોવેટીવ દંપતિ શીતલબેન ભટ્ટી અને રમેશભાઈ બારડ ના ઇનોવેશન સ્ટોલની મુલાકાતે ભાવનગર જિલ્લા કલેકટર શ્રી ડી.કે પારેખ સાહેબ પધાર્યા

**અધ્યયન નિષ્પત્તિ અને રમકડાં દ્વારા મૂલ્યાંકન કરી શકાય તેવાં અઢળક રમકડાં જિલ્લા કક્ષાના ઇનોવેશનમાં રજૂ થયા.**

**મહુવા તાલુકાની કુંભણ શાળાના ઇનોવેટીવ શિક્ષક દંપતી શીતલબેન ભટ્ટી અને રમેશભાઈ બારડ નાં નવતર પ્રયોગો જિલ્લા કક્ષાના ઇનોવેશન માં રજૂ થયા.**



ગાંધીનગર ,

જી. સી. ઈ. આર. ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભાવનગર દ્વારા આયોજિત ભાવનગર જિલ્લા કક્ષાનો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ ૨૨- ૨૩ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સીદસર ખાતે યોજાયેલ છે. આ ઈનોવેશન ફેસ્ટિવલ માં મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળાના ઈનોવેટિવ શિક્ષક દંપતી શીતલબેન ભટ્ટી અને રમેશભાઈ બારડના રમકડાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગિજુભાઈ બધેકા અને મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિના સિદ્ધાંતો લઈ શિક્ષણ માં નવતર પ્રયોગ માટે આ શિક્ષક દંપતિ જાણીતા છે. તેઓના રમકડાં રાજ્યકક્ષાએ અને નેશનલ કક્ષાએ રમકડાં મેળામાં પસંદગી પામેલા છે.અને નેશનલ હેરીટેજ સ્કૂલ એવી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી સણોસરા ના પુર્વ વિદ્યાર્થી છે.

કાર્યક્રમમાં શ્રીમતી કમુબેન ચૌહાણ ચેરપર્સન શ્રી જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ભાવનગર, શ્રી શિશિરભાઈ ત્રિવેદી ચેરમેન શ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગર, શ્રી આર.એસ. ઉપાધ્યાય પૂર્વ નાયબ નિયામક કમિશનર ઓફ સ્કૂલ ગાંધીનગર, શ્રી ડો. નલિન પંડિત પૂર્વ નિયામક જી. સી.ઈ.આર.ટી. ગાંધીનગર, ભાવનગર જિલ્લા કલેકટર શ્રી ડી.કે પારેખ સાહેબ જેવા મહાનુભાવો એ ઈનોવેટીવ શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૧ અંતર્ગત આ ઈનોવેશન ખુબ મહત્વ ધરાવે છે.

# ગુજરાતની જમીનમાંથી નીકળ્યો દારૂનો ખજાનો! દારૂ સંતાડવા બુટલેગરોએ જમીન નીચે તૈયાર ૬ બાય ૪નો સ્પેશિયલ રૂમ બનાવ્યો

ઉના,તા.૨૫

ગીર ગઢડામાં બુટલેગરો જાણે બેફામ બન્યા હોય અને જાણે પોલીસનો કોઈ ડર ના રહ્યો હોય તેમ ખુલ્લેઆમ દારૂની હેરાફેરી કરી રહ્યાં છે. તેમાં આજે એક ચોકવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં બૂટલેગરોએ દારૂ સંતાડવા સ્પેશિયલ એક ચોરખાનું બનાવ્યું. એ પણ જમીનની અંદર જ્યાં કોઈને ભાળ પણ ન થાય કે અહીંયા કોઈએ વસ્તું સંતાડી હશે. ત્યારે બેડીયા ગામની વાડીમાંથી વિદેશી દારૂની હેરફેરની માહિતી પોલીસને પ્રાપ્ત થઈ હતી. જ્યાં પોલીસને બાતમી મળી હતી કે, તે સંતાડેલો દારૂની હેરાફેરી થવાની છે. તે પહેલા જ એલસીબીએ દરોડો પાડી ૧૫ લાખના વિદેશી દારૂ-બીયરના જથ્થા સાથે બે બુટલેગરોને ઝડપી પાડયા.ગીરગઢડા તાલુકાના બેડીયા ગામની સીમમાં કુખ્યાત બુટલેગરે પોતાની વાડીમાં મોટી માત્રામાં વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઉતારીને હેરાફેરી કરવાની ફિરાકમાં હતો. જેની બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડીને રૂ.૧૫ લાખની કિંમતનો ૩૨૪ પેટી વિદેશી દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કરી સ્થળ ઉપરથી ઉનાના ઉમેજ અને સામતેર ગામના બે બુટલેગરોને ઝડપી પાડ્યા હતા. આ દારૂનો જથ્થો દમણના શખ્સે મોકલેલો હતો. જે અમરેલીના સાવરકુંડલાના શખ્સને આપવાનો હોવાનું પોલીસ પુછપરછમાં સામે આવ્યું છે. આ દારૂનો જથ્થો પોલીસની નજરથી છુપો રહે તે માટે બુટલેગરે ચતુરાઈપૂર્વક પોતાની વાડીમાં બની રહેલા નવા મકાનની બાજુમાં હજમ ખાડા જેવું નજરે પડતા અંદાજે ૬ બાય ૪ની સાઈઝના ચોરખાનામાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો જેને એલસીબીએ શોધી કાઢયો હતો. આ મામલે પોલીસે પકડાયેલા બંને બુટલેગરો ઉપરાંત દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર મળી કુલ ચાર શખ્સો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિદેશી દારૂની હેરફેરની પ્રવૃત્તિ ડામી દેવા પોલીસ વિભાગ હરક્તમાં આવી કામગીરી કરી રહ્યુ છે.

# પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩ કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાનશ્રી વાર્તાલાપ કરશે

**અરવલ્લી જિલ્લા કક્ષાની ઉજવણી કે. એન.શાહ હાઈસ્કૂલ, મોડાસા ખાતે કરવામાં આવશે**

**૨૭ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ તાલકટોરા સ્ટેડીયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩ કાર્યક્રમ સંદર્ભે છઠ્ઠી આવૃત્તિમાં માન. વડાપ્રધાનશ્રી વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ વાલીઓ સાથે સવારે ૧૧:૦૦ કલાકથી વાર્તાલાપ કરશે.**

અરવલ્લી - ૨૫ જાન્યુઆરી ૨૦૨૩

પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩ કાર્યક્રમ વાર્તાલાપનું જીવંત પ્રસારણ દુરદર્શન દ્વારા ડી.ડી.નેશનલ, ડી.ડી. ન્યુઝ તેમજ ડી.ડી. ઈન્ડિયા વિગેરે પર કરવામાં આવશે. આ ઉપરાંત ઓલ ઈન્ડિયાની રેડિયો ચેનલ પર પણ લાઈવ એર કરવામાં આવશે.PMO, MoE દૂરદર્શન MyGov.in વેબસાઈટ પર તેમજ,યુટ્યુબ ચેનલ, ફેસબુક લાઈવ તથા ઈઈ ની સ્વયં પ્રભા ચેનલ પર પણ લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ બાયાસેગની વંદે ગુજરાત ચેનલ નં-૧ પર પણ નિહાળી શકાશે.



આ કાર્યક્રમની અરવલ્લી જીલ્લા કક્ષાની ઉજવણી કે.એન. શાહ હાઈસ્કૂલ , મોડાસા ખાતે તેમજ તાલુકા કક્ષાની ઉજવણી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ માંકરોડા તા-ભિલોડા, મોડેલ સ્કુલ મેઘરજ તા-મેઘરજ . સાઠબા ગ્રુપ હાઈસ્કૂલ સાઠંબા, તા-બાયડ જે.એસ.મહેતા હાઈસ્કુલ ધનસુરા તા-ધનસુરા, પી.જી.મેહતા હાઈસ્કુલ માલપુર તા - માલપુર ખાતે થનાર છે. વધુમાં આ કાર્યક્રમ તમામ શાળાઓમાં પણ તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા લાઈવ નિહાળવામાં આવશે.

આ કાર્યક્રમમાં સહભાગી થવા અનુરોધ છે.

# હાલોલ કોર્ટે ૧૭ લોકોની હત્યા અને રમખાણોના ૨૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા

**કાલોલ શહેરના દેલોલ ગામમાં રમખાણો ફાટી નિકળ્યા હતા. આ રમખાણો દરમિયાન લઘુમતી સમુદાયના ૧૭ સભ્યો સળગી ગયા હતા.**

દાહોદ,તા.૨૫

પંચમહાલ જિલ્લાના દેલોલ ગામમાં ૨૦૦૨ માં લઘુમતી સમુદાયના ૧૭ લોકોની હત્યાના ૨૨ અન્ડરટ્રાયલ આરોપીઓને હાલોલની એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૧૮ વર્ષના ટ્રાયલ દરમિયાન ૨૨ આરોપીઓમાંથી આઠ આરોપીઓના મોત થઇ ગયા છે. આ તમામ આરોપીઓનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ ગોપાલસિંહ સોલંકી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, હાલોલ કોર્ટે પીડિતોના હાડકાં સહિતના તમામ પુરાવાઓની તપાસ કરી હતી, પરંતુ ફોરેન્સિક ટેસ્ટમાં આ સાબિત થઈ શક્યું ન હતું. જે બાદ ૨૦૦૩માં પુનઃ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. કારણ કે, પોલીસ તપાસના દાયરામાં આવી હતી. આ ઉપરાંત ૧૦૦ થી વધુ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ઘણા સાક્ષી ફરી ગયા હતા.

૨૦૦૨ માં ગોધરામાં સાબરમતી ટ્રેન હત્યાકાંડ બાદ સમગ્ર રાજયમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા, જેમાં ૫૯ લોકો માર્યા ગયા હતા. આ ઘટનાના એક દિવસ બાદ, ૧ માર્ચના રોજ ગોધરાથી લગભગ ૩૦ કિમી દૂર કાલોલ શહેરના દેલોલ ગામમાં રમખાણો ફાટી નિકળ્યા હતા. આ રમખાણો દરમિયાન અનેક ઘરોને આગ ચાંપી દેવામાં આવી હતી, જેમાં લઘુમતી સમુદાયના ૧૭ સભ્યો સળગી ગયા હતા. આ કેસમાં પોલીસ તપાસ દાયરામાં આવી હતી, જેમાં કાલોલના એક કોપ પર પીડિતો અને સાક્ષીઓની વિનંતીઓ છતાં એફઆઇઆર નોંધી ન હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જે કારણે આ કેસની પુનઃ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. જે બાદ આ ઘટનાના ૨૦ મહિનાથી વધુ સમય બાદ ડિસેમ્બર ૨૦૦૩માં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આરોપીઓ, જેઓ ફરાર હતા, તેમની ૨૦૦૪માં ધરપકડ કરવામાં આવી હતી. સ્થાનિક કોર્ટ દ્વારા તેમની જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી, જેના પગલે તેઓએ ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જે બાદ ગુજરાત હાઇકોર્ટ દ્વારા ૨૦૦૪માં આરોપીઓને જામીન આપવામાં આવ્યા હતા. ત્યારથી આ આરોપીઓ જામીન પર છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના પંચમહાલ જિલ્લાના હાલોલની અદાલતે ૧૪ આરોપીઓને ગોધરા ૨૦૦૨ બાદના રમખાણોમાં હત્યા અને રમખાણોના ૧૮ વર્ષ બાદ નિર્દોષ જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, અન્ય પાંચ આરોપીઓને ટ્રાયલ પેન્ડિંગ દરમિયાન તેમના મૃત્યુને કારણે ટ્રાયલમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. એડિશનલ સેશન્સ જજ હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, પ્રોસિક્યુશન કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો, જેના કારણે તેઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા, અને કોર્પસ ડિલિક્ટીના નિયમ પર પણ આધાર રાખ્યો હતો. કોર્ટેએ પણ નોંધ્યું હતું કે, કોઈને પણ દોષિત ઠેરવવાનો સામાન્ય નિયમ ન હોય ત્યાં સુધી કોર્પસ ડેલિક્ટી સ્થાપિત કરી શકાય છે. નિર્દોષ છૂટેલા ૧૪ આરોપીઓમાં મુકેશ ભરવાડ, કિલ્લોલ જાની, અશોકભાઈ પટેલ, નિરવકુમાર પટેલ, યોગેશકુમાર પટેલ, દિલીપસિંહ ગોહિલ, દિલીપકુમાર ભટ્ટ, નસીબદાર રાઠોડ, અલ્કેશકુમાર વ્યાસ, નરેન્દ્રકુમાર કાછીયા, જીણાભાઈ રાઠોડ, અક્ષયકુમાર શાહ અને કિરીટભાઈ પટેલનો સમાવેશ થાય છે.

# આંતરરાષ્ટ્રીય કરુણા દિવસ પર શ્રી શ્રી રવિશંકરજી, આચાર્ય લોકેશજી અને 'જૈના' સંસ્થાને પ્રતિષ્ઠિત 'મહાકરુણા એવોર્ડ'થી સન્માનિત કરાયા

**કરુણાના વિકાસ દ્વારા જ શ્રેષ્ઠ સમાજનું નિર્માણ શક્ય છે - શ્રી શ્રી રવિશંકરજી**
**વિશ્વ શાંતિ માટે બૌદ્ધ અને જૈન ધર્મના ઉપદેશોની જરૂર છે - આચાર્ય લોકેશજી**
**શ્રી શ્રી રવિશંકર અને આચાર્યશ્રીને એનાયત કરીને, પુરસ્કાર પોતે જ સન્માનિત થયો છે - ભિખ્ખુ સંઘસેના**



આર્ટ ઓફ લિવિંગ હેડક્વાર્ટર, બેંગ્લોર ખાતે મહાબોધિ ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટર (MIMC) દ્વારા પ્રતિષ્ઠિત "મહાકરુણા એવોર્ડ ૨૦૨૩"નું આયોજન આંતરરાષ્ટ્રીય કરુણા દિવસ નિમિત્તે કરવામાં આવ્યું હતું જ્યાં આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકરજી; અહિંસા વિશ્વ ભારતીનાં સ્થાપક અને જૈન આચાર્ય ડૉ. લોકેશજી , જૈના સંસ્થાનાં પ્રમુખ હરેશ શાહ અને ભૂતપૂર્વ પ્રમુખ દિલીપ વી. શાહને આધ્યાત્મિકતા, માનવ કલ્યાણ, વિશ્વ શાંતિ અને સંવાદિતાના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર પ્રદાન બદલ આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડનાં આયોજક ભીખ્ખુ સંઘસેનાજી, સૈંસ્ઝ ના સ્થાપક પ્રમુખ દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિ શંકરજીએ આ કાર્યક્રમને સંબોધતા કહ્યું કે આ આનંદની વાત છે કે બેંગ્લોરમાં આર્ટ ઓફ લિવિંગ હેડક્વાર્ટર તે આંતરરાષ્ટ્રીય કરુણા દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે સત્ય એ છે કે દુનિયામાં દુઃખ છે. મનુષ્યનો સાચો સ્વભાવ શાંતિ, કરુણા, પ્રેમ, મિત્રતા અને આનંદ છે અને મૌન છે મૌન ઉદાસી, અપરાધ અને દુઃખને ગળી જાય છે અને આનંદ, કરુણા અને પ્રેમને જન્મ આપે છે. તેમણે કહ્યું કે કરુણાના વિકાસ દ્વારા જ શ્રેષ્ઠ સમાજનું નિર્માણ શક્ય છે.અહિંસા વિશ્વ ભારતીના સંસ્થાપક આચાર્ય લોકેશજીએ આંતરરાષ્ટ્રીય કરુણા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને કહ્યું હતું કે સંતો આદર અને નિંદાથી પર છે, પરંતુ આ સન્માન સાથે સમાજ પ્રત્યેની જવાબદારી વધુ વધી ગઈ છે. વિશ્વને યુદ્ધ, આતંક અને અશાંતિથી બચાવવા માટે સંત સમાજ હંમેશા પ્રયત્નશીલ છે, આ માટે સંતો વિશ્વમાં અહિંસા, કરુણા, શાંતિ અને સૌહાર્દની સ્થાપના માટે અસરકારક રીતે કાર્ય કરશે. આચાર્ય લોકેશજી એ વધુમાં જણાવ્યું હતું કે જૈન અને બૌદ્ધ બંને ધર્મમાં અહિંસા, દયા, પ્રેમ, ક્ષમા વગેરે જેવા માનવતાવાદી ગુણોનું મહત્વ છે જેની આજે વિશ્વને જરૂર છે.

મહાબોધિ ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટરના પ્રમુખ ભિખ્ખુ સંઘસેનાજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આદરણીય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીનું સન્માન કરવું એ અમારા ધ્યાન કેન્દ્ર માટે ગર્વની વાત છે; વિશ્વ શાંતિ દૂત આચાર્ય લોકેશજી આધ્યાત્મિકતા, માનવ અને સામાજિક કલ્યાણ, વિશ્વ શાંતિ અને સંવાદિતાના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે જાણીતા બન્યા છે. તેમણે કહ્યું કે શ્રી શ્રી અને આચાર્ય લોકેશજીને એનાયત કરીને એવોર્ડ પોતે જ સન્માનિત થયો છે. આ પ્રસંગે જૈના સંસ્થાનાં પ્રમુખ હરેશ શાહ અને ભૂતપૂર્વ પ્રમુખ દિલીપ વી. શાહે પણ જૈના સંસ્થાને "મહાકરુણા એવોર્ડ ૨૦૨૩" થી સન્માનિત કરવા બદલ મહાબોધિ ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટર અને તમામ મહેમાનોનો આભાર માન્યો હતો.

# વેસ્ટર્ન ડિસ્ટર્બનર્સ વચ્ચે ગુજરાતીઓ ટાઢમાં ઠુંઠવાયા

અમદાવાદ,તા.૨૫

ગુજરાતવાસીઓને હજુ પણ કડકડતી ઠંડીનો સામનો કરવો પડશે, હાલ લોકોને ઠંડીથી નહીં મળે રાહત. રાજયમાં ઠંડીને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે. નલિયા સહિત કચ્છમાં બે દિવસ કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. તો હજુ આગામી બે દિવસ અમદાવાદમાં ૧૦ ડિગ્રીથી નીચે તાપમાન રહેશે. ઠંડીની સાથે પવનની ગતિમાં વધારો થતાં લોકો ઠુંઠવાશે. એટલું જ નહીં વેસ્ટર્ન ડિસ્ટર્બનર્સને લીધે બે દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે. લોકોને બે દિવસ બાદ ઠંડીથી આંશિક રાહત મળી શકે છે.

તો આ તરફ ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યોમાં કડકડતી ઠંડી પડી રહી છે.

પહાડો પર થઈ રહેલી બરફવર્ષાની અસર દિલ્લી, યુપી, હરિયાણા સહિત અનેક રાજ્યોમાં જોવા મળી રહી છે. કાતિલ ઠંડી વચ્ચે હવામાન વિભાગે વરસાદનું એલર્ટ આપ્યું છે.

ઉત્તર પશ્ચિમ ભારતમાં એક વેસ્ટર્ન ડિસ્ટરબન્સ આવશે જેના કારણે પહાડી વિસ્તારમાં બરફવર્ષા અને મેદાની વિસ્તારમાં વરસાદ વરસી શકે છે.

આ ડિસ્ટરબન્સની અસર પૂર્વ ઉત્તર પ્રદેશ સુધી વર્તાશે એટલે ત્યાં પણ છૂટોછવાયો વરસાદ વરસશે. IMD નુ માનીએ તો પૂર્વી ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાઈ શકે છે.

આ પવનની ઝડપ ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની હોઈ શકે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.